શ્રી ફાર્બસ ગુજરાતી સભાની ગ્રંથમાળા

કવિ માંડણકૃત

પ્રબોધબત્રીશી

અથવા

માંડણ બંધારાના ઉખાણા

અને

કવિ શ્રીધરકૃત

રાવણમંદોદરીસંવાદ

સંશોધન કરનાર :
મણિલાલ બકોરભાઈ વ્યાસ,

પ્રસ્તાવના અને સમજુતીના લેખક :
શંકરપ્રસાદ છગનલાલ રાવળ.

પ્રકાશક :
શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ.

વિ. સં. ૧૯૮૬ ઈ. સ. ૧૯૩૦

મુદ્રણસ્થાન : આદિત્યમુદ્રણાલય, રાયખડ રોડ · અમદાવાદ
મુદ્રક : ગજાનન વિશ્વનાથ પાઠક

પ્રકાશસ્થાન : રા. રા. હરસિદ્ધભાઈ વજુભાઈ દિવટીયા,
એમ. એ. એલએલ. બી. એડવોકેટ હાઈકોર્ટ, મુંબઈ

માનદ મંત્રી શ્રી ફાર્બસ ગુજરાતી સભા-મુંબઈ, મહારાજ
મેન્શન્સ, સેન્ડહર્સ્ટ રોડ, મુંબઈ નં. ૨

અનુક્રમણિકા

	પૃષ્ઠ
પ્રસ્તાવના	૧—૩૨
પ્રબોધબત્રીશી અથવા માંડણ બંધારાના ઉખાણા...	૧—૮૦
શ્રીધરકૃત રાવણમંદોદરીસંવાદ	૮૧-૧૧૨
સમજુતી	૧—૫૫

પ્રસ્તાવના

૧ માંડણ

પ્રબોધ બત્રીશીઃ હાથપ્રત

પ્રબોધ બત્રીશી અથવા માંડણ બંધારાના ઉખાણાની હાથપ્રત હું જોઈ શકયો નથી. એના સંબંધમાં એનું સંસ્કરણ કરનાર જુની ગુજરાતીના રસીઆ સ્વર્ગસ્થ મણિલાલ બકોરભાઇ વ્યાસ લખે છે:

"લૌકિક સાહિત્યમાં માંડણના ઉખાણા એ ખાસ ધ્યાન ખેંચનારો ગ્રંથ છે. આ પ્રદર્શન વડે જ એ ગ્રંથ બહાર આવવા પામ્યો છે. એ ગ્રંથની ભાષા જોતાં સં. ૧૬૦૦ ની લગભગમાં એ ગ્રંથ રચાયલો હોય એમ લાગે છે. એમાં ગુંથેલી કહેવતોનો જથ્થો બહુ મોટો છે અને તેમાં જનસમાજના મનોભાવનાં ખરેખરાં દશ્ય છે."[1]

હાથપ્રતની વિશેષ માહીતી આપતાં સ્વર્ગસ્થ મણિલાલ વ્યાસ બીજે સ્થલે જણાવે છે:[2]

"નામ	લેખક	રચ્યા સં.	લખ્યા સં.	પૃષ્ઠ.
માંડણ બંધારાના ઉખાણા-વેદાંત	માંડણ	લગભગ ૧૬૦૦	૧૭૦૦	૫૦."

સંસ્કારીને છપાવેલા આ કાવ્યગ્રંથમાં મણિલાલ પૃષ્ઠ ૧ ની ચરણ-ટિપ્પણીમાં જણાવે છે:

"આ વીશીની શરૂઆતનું એક પાન તુટક હતું. તેમાં સાત ટુંકો (ટુકો ?) હતી. ખોળતાં ખોળતાં ઝવ્રડીઆના ભંડારમાંથી ઉખાણાનાં થોડાં પાનાં મળ્યાં. તેમાં આજ ગ્રંથના ઉખાણા હતા, તેથી ખુટતા હતા તે તેમાંથી ઉતારી લીધા છે."

આ ગ્રંથની પુષ્પિકા સંબંધમાં ૮૦ મે પૃષ્ઠે મણિલાલે નીચે મુજબ નોંધ મુકી છે:

"ઇતિ માંડણ બંધારાના ઉખાણા સમાપ્ત." (અહીંથી આગળ છેકી નાંખેલા અક્ષરોમાં આ પ્રમાણે વંચાય છે. સોળ કે સત્તર તે બરાબર સમજાતું નથી, પણ ૧૬ હોવું જોઇએ.) '૨૩ વર્ષે આસો શુદિ ૩ સોમે."

---

૧ જુઓ પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદ (સુરત) નો અહેવાલ, વિ. સં. ૧૯૭૧: ગ્રંથપ્રદર્શન વિભાગ: મંત્રીનો અહેવાલ, પૃષ્ઠ ૨૦.

૨ જુઓ એજ અહેવાલ પૃષ્ઠ ૮૧.

આમ ઝઘડીઆના ભંડારનાં થોડાં પૃષ્ઠોથી ત્રુટક પ્રત સાંધી માત્ર એકજ હાથપ્રત ઉપરથી મણિલાલે એમની હયાતીમાં શ્રી ફાર્બસ ગુજરાતી સભા માટે આ કાવ્યગ્રંથ સંસ્કારીને છપાવ્યો છે. મુળ હાથપ્રત કે ઝઘડીઆભંડારનાં છુટાંછવાયાં પૃષ્ઠો હવે ક્યાં છે તે તપાસ કર્યાં છતાં આ છપાયલા વસ્તુ સાથે સરખાવવાનો યોગ પણ હું પ્રાપ્ત કરી શકયો નથી. આમ સ્વર્ગસ્થ સંસ્કર્તાની શાંત સમાધિ સાથે આ હાથપ્રત પણ શાંત સમાધિ લે છે તેથી એ બંનેની શાંત સમાધિમાં ઉચિત પૂજ્યભાવથી જરાએ ડખલગીરી કર્યા વગર આપણે પણ શાંતિથી એમને બંનેને અંતિમ નિદ્રા લેવા દઇશું. આપણા બહુ મૂલ્યવાન પ્રાચીન ગુજરાતીના સદ્‌ભાગ્યે આ ગ્રંથની કોઈ કાળે બીજી કોઇ પ્રત પ્રાપ્ત થાય તો એનાં પાઠાંતરો કે શુદ્ધિઅશુદ્ધિની ચર્ચાની વાસ્તવિકતાનો વિચાર થઇ રહે.[૩]

માંડણનો કૈંક પરિચય

માંડણ નામના આ સાથે બે કવિ આપણા જોવા જાણવામાં આવ્યા છે. બીજો માંડણ આ માંડણ કરતાં વધારે અર્વાચીન છે અને એનું એકજ પદ આપણા જાણવામાં છે.[૪]

પ્રબોધ બત્રીશીકાર માંડણ વીશે બહુ જાણવામાં આવ્યું નથી. પોતાને ઉદ્દેશીને આ જ્ઞાની કવિ નીચે પ્રમાણે કૈંક આછી આછી નોંધ એની કૃતિઓમાં કરે છે:

(૧) " માંડણ કુલ બંધારા તણઈ, લીધુ જન્મ કર્મ્મઇ આપણિ.
વિષ્ણુજન બહુ સેવા કરી, તુ નિર્ઇ મનિ આવ્યું હરિ.
ભૂમંડલિ યેતુ જનસાથ કરૂં પ્રણામ શવિ જોડી હાથ. "

(માંડણ: પ્રબોધ બત્રીશી: ૬૪૪)

(૨) " ન્યાતિ બંધારા માંડણ નામ, મતા મેઘૂ ઉદરિ વિશ્રામ.
હરિ હરિદાસ તાત ઉરિ શંભ, સેવક (?) સદાચરણ શવિ બંભ. ૪૦૩

---

૩ મારા જાણવા મુજબ મણિલાલ વ્યાસના અવસાન પછી એમનાં વિધવા અં. મણિબહેને જે પુસ્તકો રા. રા. કનૈયાલાલ મુનશીને મોકલ્યા હતાં તેમાં આ હાથપ્રત નહોતી. એ પુસ્તકોની કેટલીક યાદી રા. દયાશંકર ભટ્ટની મદદ લઇ મેં પણ કરી હતી. બાદ એ બધો સંગ્રહ રા. જીવણચંદ સાકરચંદ ઝવેરી પાસે ગયો છે તેમાં એ હાથપ્રત કદાચ ગઇ હોય અથવા મણિબહેન પાસે હોય. વિદ્વાન સભાને આ ઉપયોગી પ્રત માટે તપાસ કરવા વીનંતી કરૂં ?

૪ જુઓ બૃ. કા. દો. ગ્રં. ૭ માનું " મરઘા ! તુંને કોણે ભણાવીઓ ! "—એ પદ.

પવનપુત્રની કીરતિ કરઇ, કુલ એકોતર ઊધરઈ.
એહ કથાબંધ પૂરું થયું, વિષ્ણુ રવિ વાસસુત જયું. ૪૦૪
(માંડણ: હનુમંતાખ્યાન.)[૫]

(૩) × × × ×

(અ) જોશિ મદનતણું શિશિ, પંડિત સૂ રદિસ (?)
આદરી ગ્રંથ સુણાવી...........પામૂં ઊપદેશ. ૩

(આ) શીરોહી સારણ સાંનિધિ, કરી કથા આવી મન શિધિ.
આવ્યું કુલિ બંધારા તણઇ, લીધૂં જનમ કૃત આપણઈ. ૧૨
માતા મેધૂ ઉદિરિ નિવાસ, વિષ્ણુવભક્ત સહુનુ દાસ.
સાચઇ કુડઇ એતાઇ મિશિ, મંડણમુખિ હરિનામ આવશિ. ૧૪
(માંડણ: રુકમાંગદાખ્યાન)[૬].

---

૫ દુર્ભાગ્યે કવિની આ કૃતિની હાથપ્રત પણ તુટક છે. જુઓ ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી હસ્તકની કવિ દલપતરામ સંગ્રહિત હસ્તલિખિતગ્રંથોની મારી તૈયાર કરેલી યાદી:

નં.	નામ	લેખક	ર. સં.	લ. સં.	પૃષ્ઠ
૩૯૬	રામાયણ	માંડણ	(?)	૧૫૭૪	૧૪–૪૦

પ્રત તુટક છે તેમજ દરેક પૃષ્ઠે નીચેના ભાગમાં મોટે ભાગે ફાટી ગયેલી છે. પ્રથમનાં ૧૬ પૃષ્ઠો નથી, તેમજ ત્યાર પછી વચમાનાં પૃષ્ઠો પણ ખુટે છે.

કવિ વીરોની નોંધ લેતી ઉપલી ૪૦૩–૪૦૪ કડીઓ પછી પ્રતમાં નીચે મુજબ નોંધ છે:

" ખંડ ૩૦ ઇતિ શ્રીહનોમંતાખ્યાન સમાપ્ત " (પૃ. ૧૬).

પ્રતનો અંતવિભાગ:

" માંડણ જોયૂં વિમાસણ ઘણી, અનિ ન બીજી પરિ ઊતરવા તણી.
ભવસાગર એ અનંત અગાધિ, તરવા કહઈ નહી એ સાધિ. ૭૬
રામનામ લીલાઈ પાર, જોતા મોટા મુનિ વિચાર.
બ્રહ્માંડ કોટાકોટિ × ×, મંડણ શરણાગત તવ પાઈ. " ૭૭

ખંડ ૭૦ ઇતિ શ્રીરામાયણ સમાપ્ત. × ×
સંવત ૧૫૭૪ ભાદરવા વદિ ૭ ધનદપુર (?) × × પ્રતિ દેલવાડા વાસ્તવ્ય ×

૬ કવિની આ કૃતિ ઉપરની જ હાથપ્રતમાં છે. મેં એની યાદી કરતાં નીચે મુજબ નોંધ લીધી છે:

૩૯૬ક રુકમાંગદકથા માંડણ (?) ૧૫૭૪ ૯૯–૧૧૪

અસલ પ્રતનાં પૃષ્ઠો આગળ પાછળ ગોઠવાઈ નંબરથી બાંધવામાં આવ્યાથી કથાનું સાતત્ય જોવું મુશ્કેલ થઇ પડે છે.

રૂકમાંગદાખ્યાન, હનુમંતાખ્યાન, રામાયણ વગેરે ત્રુટક કૃતિઓ અને આ પ્રબોધ બત્રીશીની કૃતિઓનો જે કૈં ભાગ હું જોઇ શકયો છું તે ઉપરથી એમનો કર્તા આ એકજ માંડણ હોવો જોઇએ એમ હું માનું છું. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી હસ્તકની મજકુર ત્રુટક કૃતિઓની લખ્યા સાલ વિ. સં. ૧૫૭૪ ની છે એ જોતાં એમની રચ્યા સાલનું અનુમાન વિક્રમના સોળમા શતકની પહેલી કે બીજી પચ્ચીશીમાં લઇ જવું અવાસ્તવિક ગણાશે નહીં. કવિની કાવ્યશૈલીનો જે વિકાસક્રમ આ આખ્યાનોમાં દેખાય છે તેમાં અને ઉખાણાની કાવ્યશૈલીમાં ઝાઝો અંતર પણ નથી લાગતો. આ ઉપરથી સ્વર્ગસ્થ મણિલાલ વ્યાસે ઉખાણાની રચ્યા સાલ અનુમાનપૂર્વક જે વિ. સં. ૧૬૦૦ સુધી આગળ ઠેલી મુકી છે તેને પણ સોળમા શતકની બીજી પચ્ચીશીના અંતમાં કે લગભગ તેજ ગાળામાં પાછળ લાવવી એ ઠીક થઇ પડશે. પ્રથમ રૂકમાંગદાખ્યાન જેવી વ્રતકથા, પછી હનુમંતાખ્યાન અને રામાયણ જેવી પૌરાણિક કથાઓ અને ત્યાર પછી સંસારજ્ઞાન કે વેદાંતની તીવ્રતાને લૌકિક ન્યાયાવલિ–કહેવતો–ઉખાણા–જેવી સીધી, સચોટ અને સૂત્રાત્મક શૈલીમાં ગુંથવી એમ ભક્ત, કથાનક અને જ્ઞાની કવિના માનસનો સ્વાભાવિક વિકાસક્રમ લેખાએ તો ઉખાણાની શૈલીનો ઉદ્‌ભવકાલ સોળમા શતકની લગભગ બીજી પચ્ચીશીમાં ગણાય, અને સં. ૧૫૭૪ નો લખ્યા સંવત પણ રચ્યા સંવતની આ અટકળને અનુકૂળ થઇ પડે.

કવિનો જન્મકાલ આમ સોળમા શતકની પ્રથમ પચ્ચીશીમાં હોવો જોઇએ અને એની જ્ઞાતિ બંધારાઓની જ્ઞાતિ જોતાં મોટી ઉમરે વિકાસ પામેલા એના સંસ્કારોએ એને મોટી ઉમરે કવિ થવા પ્રેર્યો હશે.

રાગ આસાઉરી દ્રુપદ.

આરંભ—

એકાદશી તણું મહિમાઈ, ગાઉ ગુણ રૂકમાંગદ રાઈ.
સુરિજવંશ હયૂં અવતાર, કહિ મંડણ એ કૃતિયુગિ સાર. ૧

દ્રુપદ પૂરવછાયા

ગૌરીનંદન ગુણ સ્તવૂં, સમરૂં સારદ માઈ.
ચરિત રૂકમાંગદતણૂં આપૂં તેહ ઊપાઈ. ૧
મહિમાએ એકાદશી, વિષ્ણુતણું વ્રત સાર.
ઉમંગ અંતરિ ઊપનૂં શ્રીગુરુ ચરણાધાર. ૨
× × × ×

અંત—

ઇતિ શ્રી એકાદશી વ્રતમહિમા રાજા રૂખમાંગદચરિત્ર સમાપ્ત. × ×

માંડણકવિ જ્ઞાતિએ ઉદ્યોગી બંધારા જ્ઞાતિનો અને શીરોહી કે શીરોઈ પાસેનો રહીશ લાગે છે. એના પિતાનું નામ હરિ જણાવી એને શિવ અને બ્રાહ્મણ પ્રત્યે ભક્તિભાવ હતો એમ એ કહે છે. એની માતાનું નામ એ મેઘૂ કહે છે. એના કાવ્યોમાં જ્યાંત્યાં એ વૈષ્ણવજીવનના ઇસારા કરે છે તે ઉપરથી વૈષ્ણવ સંપ્રદાયનો એ પક્ષપાતી જણાય છે. બીજા કોઈ કુટુંબી જનની કે પોતાની આ કરતાં કૈં વિશેષ હકીકત એ આપતો નથી જણાતો.

કવિના અભ્યાસ વીશે કૈં ખાસ ઇસારા નથી જણાતા; પણ એની કૃતિઓમાં પ્રતિબિંબિત જ્ઞાનસમૃદ્ધિ જોતાં એ બહુશ્રુત જ્ઞાની લાગ્યા વગર નથી રહેતો.

કાવ્યાવવેચન

પ્રબોધ બત્રીશી કાવ્ય એ કવિના પાકટ વયની ઠરેલી ઉપદેશપ્રધાન કૃતિ લાગે છે. આ ઉપદેશાત્મક કાવ્યમાં કવિનાં સંસારજ્ઞાન અને તત્ત્વજ્ઞાન ઠલવાઈ રહ્યાં છે. એની બહુશ્રુતતા ફુલીફાલી પલ્લવભરી ઘટા બની રહી છે. વીશીએ વીશીએ એના તીવ્ર વેદાંતજ્ઞાનની ધારાઓ જોશભેર ફુટી રહી છે. એક અખંડિત જ્ઞાનગંગાનું વહન વણઅટક્યું એના ઉદ્દિષ્ટ વિવિધ વિષયોને તરબોળ કરતું કરતું સરલતાથી વહી રહ્યું છે. વહેનની નિર્મળતા વક્તવ્યને બને તેટલા શુદ્ધ સ્વરૂપે રજુ કરી રહી છે. બત્રીશે વીશીરૂપ પાંદડીઓ એમના કાવ્યપુષ્પ ને સુંદર અને સરસ રીતે સોહાવી રહી છે. થોડાંક દષ્ટાંતો લઈએ:

ભક્તિવીશીમાં કવિ તેના સમયના શ્રોતાઓ કેવા હતા તે યથાર્થતાથી કહે છે :

" ખિણ સાંભળવા શ્રોતા મિલ્યા, જાણે તિલ કોદ્રવમાં ભલ્યા !
તેહની ધર્યાસિ ન ધાણી હોઈ, વાંચિ વ્યાસ ન બૂઝઈ કોય.
ઈમ કરતાં તે નવિ છૂટિઈ, સેવંતરાં ડાંગિ કુટીઈ. ૪

(ભક્તિવીશી)

ગૃહસ્થાશ્રમવીશીમાં ઘરનાં જ દેવદેવી તુલ્ય માતાપિતાને અપુજ રાખી મુવા પછી તેમને ત્રાઓથી સંતોષવા મૂર્ખપ્રયત્ન કરનાર કુપુત્રનું એ ચિત્ર આલેખે છે:

---

૭ આ બંધારા જ્ઞાતિએ આપણને ત્રણ કવિઓ આપ્યા છે: (૧) માંડણ, (૨) ખંભાતનો કાશી સુત શેધજી—હનુમંતચરિત્રકાર (સ. ૧૬૪૭) અને (૩) હરિયાદનિવાસી તાપીદાસ—અભિમન્યુ આખ્યાનકાર (સં. ૧૭૦૮). જુઓ રા. મંજુલાલ મજમુંદાર સંશોધિત અભિમન્યુ આખ્યાનની પ્રસ્તાવના.

"માતાપિતા મેલ્હી દીકઈ પૂજઇ દેવ કરઇ બહુ બરૂ.
માઈબાપ મૂઆં ટલવલી, જાગઇ જલ દીધું અંજલિ.
જીવતાં પણુનાહાર નવિ કર્યો, ઘર બાલી નઇ તીરથ કર્યો. ૩૫"

(ગૃહસ્થાશ્રમવીશી)

સારા જીવનભર એક જ જાતનું શુષ્ક કામ કરનાર અને તે પણ નહીં કરવાનું કરનારને કવિ કેવો ચીતરે છે?

"રસના રામ વિના મોકલી. ચક્ષુ ચતુર્ભુજ વિણુ બહુ ચલી.
પગ પીતાંબર વિણુ બહુ પલ્યા. કર કેશવ વિણુ વિધિ વલ્યા.
કૂડિયા મશિ કાયા ખઇ. જાં જીવઈ તાં સીવઈ સઈ. ૭૪"

(દાનવીશી)

કવિ કહેવતોનો ઉપયોગ એની વાણીને સરસ અને સચોટ કરવા જ્યાં ત્યાં કરે છે. એમાં એ ઔચિત્યથી જરાએ આઘો ખસતો નથી. સંસારનાં સૂક્ષ્મ અને દૃષ્ટાંતરૂપ અવલોકનો કરવામાં એની કલ્પનાશક્તિ ફલદ્રુપ બની જાય છે:

"   ×   ×   ×   ×
ભૂખ્યું વેચિ મહિલા આપણી, કુમાગિં કુધારા ભણી. ૧૫૧"

(અદ્ભુતવીશી)

"પસન્ન વદન, સદા મનિ ચંગ, પર ઉપગારિ પદિ પદિ ગંગ.
સોઇ સજ્જનની લાભઈ સેવ, જાણૂં દૂધિ વુઠા મેહ!
    ×   ×   ×   ×
૨૧૦"

(સજ્જનવીશી)

"છાંડી પ્રીતિ બહુ તન ભાગ, પરનારી સંગ અંતરિ દાગ.
સૌખ્ય સ્વરામા બે.જાણ રંગ, અપત્ય આપઈ વિલસતાં અનંગ.
જુ તૂં બાંધિ ભરાઈ ન દ્રાઈ, ચાટિ હાથિ ન ભૂખસ જાઈ. ૩૦૫"

(સાધારણવીશી)

"   ×   ×   ×
આલસુ આઇ જણ્યા દીકિરા, માચીના માંકણ થઇ સર્યા. ૪૦૩"

(કૃપણવીશી)

"   ×   ×   ×   ×
રાંધી ખીર તે બોલ્યા શુણ, કાઢી તેડુ ખાલઇ લુણ! ૪૧૬"

(કૃપણવીશી)

કવિનો તીર્થપ્રવાસ પણ ઘણો છે, છતાં ઈશ્વરે આર્દ્ર ભાવે પ્રભુશરણ લઈ એ કહે છેઃ

"બહુ તીરથ મઈ જોયાં ફરી, બારે વરસે ગોદાવરી.
તોરા ચરણ શરણ ફલ લીધ, અમિ ધૃત તત્કાલિ પીધ.
એ મન એણઈ નીરિ ચડઈ, તવ પદ શરણે આવ્યુ રડઈ. ૪૭૨
કિમ એ સાજુ રહિ શરીર ? વાઘ બિહુ વચ્ચિ પીવું નીર. ૪૭૩
× ×   × ×
બહુ તીરથ કહિનાં કહિ તણાં ? ઘણા ઘરના ઘમ પરુહણા. ૪૭૪"

(શરણવીશી)

અવની કીંહી નહી તીરથ વિના, ગામિ ગામિ અવગાહિ જના.
મગતિ મગતિ સહુઇ ઇમ ભણઈ, ઉઘલતી કુલ કેહાં ગિણઈ ? ૪૮૫"

(સેવાવીશી)

નાગરીની મૈત્રીનાં કવિ કેવાં વખાણ કરે છે ?

"વિષ્ણુ ભગતિ તેણઇ નાદરી, જાણ્યું ગોઠિ કરઇ નાગરી ! ૬૩૨"

(સંતોષવીશી)

કવિની જીવનવીશીનું એકે એક ચરણ એક એક રત્ન જેવું કીમતી લાગે છે. જુનાં સાહિત્યરત્નોના સંબંધમાં એક એક શ્લોકના લાખ લાખ ટકા આપ્યાની વાતો આપણે સાંભળી છે તે આ વીશીની કેટલીક તુકોનું મહત્વ જોતાં ખોટી લાગતી નથી. આ માટે ખાસ કરીને જુઓ રાજા (૫૨૮), પ્રધાન (૫૨૯–૩૦), સ્ત્રી (૫૩૧), પુત્ર (૫૩૪), વાણોતર (૫૩૫), અને ઇતરલોક (૫૩૯) વગેરે વગેરે વીશીના કવિના સુંદર, સરસ અને સચોટ સૂત્રાત્મક ઉદ્‌ગારો. આ જીવનવીશી અને ત્યાર પછીની ભવ્ય ચંદનવીશીમાં કવિ સુંદર મુક્તામાળામાં પરોવવા જેવાં મોતી રચે છે. કહેવતો ગુંથવાની એની તીવ્ર હોંસને પણ એ ઘડીભર દાબી દઈ એક પછી બીજા વક્તવ્યને અસરકારક રીતે રજુ કરે છે.

માંડણકવિ તીવ્ર નજરવાળો સંસારનો સફલ દ્રષ્ટા છે. એની સફલ દૃષ્ટિએ સંસારનાં વિષ અને અમૃત યથાર્થતાથી જોયાં છે. બે પત્નીઓના જુના હાસ્યપાત્ર પતિની એ કેવી હસારત કરે છે ?

"કાયઈ ધાગઈ ધર્યું ઉન્માદ. કરિ આપણિ ઉતાર્યું નાદ.
પરણી ઉપરિ આણી નારિ, કલહુ ઉપનુ ન સકયૂં વારિ.
લાંખૂં બોર ચિટી મુખિ ચરઈ, આઘુ પાછુ કહુ કિમ કરઈ ? ૧૦૪"

(હાસ્યવીશી)

પોતાના માનવભવ પ્રતિ અને તેમાંએ પોતાની માનીતી વિષ્ણુભક્તિ પ્રતિ કવિને કેટલો બધો સ્નેહ છે?

"લક્ષ ચુરાશી ધરીઆ દેહ, માનવભવસુ અધિક સનેહ.
વાણી આવઈ વિષ્ણુ વખાંણ, તુ મંડણ ! અવતાર પ્રમાણ.
ધિક માનવ [જુ] હરિપ્રમાદ, વેચી ગજ અંકુશનું વાદ. ૧૮૦"

(રાજનીતિવીશી)

કવિની વૈરાગ્યવીશી તો વૈરાગ્યમય જ છે. તીવ્ર, સચોટ અને વ્યાપક વિરાગ રસ એ શાંતિથી એમાં રેડે જાય છે. એના ઉદારચરિત ભાવ જુઓ:

"જે જે વછરપણૂં લેખવિ, તે જાણે મિત્ર તાહરા શવિ.
જીભ હલાવી પાતક ધોઈ, તે કાલાં સઘલાં તવ જોઈ.
કરસિ ન કહિ કભાવન મન્ન, છંદી નાક કરઈ અપસકન્ન. ૧૯૭"

(વૈરાગ્યવીશી)

જ્ઞાનપ્રદેશના ઘણાએક ઉચ્ચ ગિરિશૃંગો ઉપર કવિ વિહાર કરતો કરતો ઘણાંએક સુંદર અને સનાતન સત્યો જોઈ શકયો છે; એમ છતાં એનું હૃદય પણ કેટલું બીનું અને કુમળું એ રાખી રહ્યો છે?

"જે શ્રદ્ધા કરિ પોખ્યાં પાત્ર, દીન તણાં અથ તોખ્યાં ગાત્ર.
કઈ હરિ સાધન કીધૂં ગોપિ, વાટઈ વટ પીપલતરુ રોપિ.
વાવ્યૂં હેમ ખણી કુદાલિ, એ વિણ ગરથ વહીતરૂ બાલિ. ૩૫૦"

(હૃદયવીશી)

કવિની પ્રેમસગાઈ પણ મનમેલી નથી:

"આગ્યા અણપાલિ નહી લાગ, ગાઈ વાઈ ગુડઈ રાગ.
ચાલ સદાએ દીસીઈ અહી, સગાઈ યહાં ઠગાઈ નહી.
હવઈ મ પૂછીશ એ વલી વલી, જોયૂં સાતે ગલણે ગલી. ૫૭૦"

(પ્રેમવીશી)

માંડણની છેલ્લી સંતોષવીશી પણ એના લાક્ષણિક સ્વભાવના સંતોષની અમૃતઝરણી સરિતા જેવી છે. એ કહે છે:

"મેલ્હી સર્વ સ્વામીશરણિ રહિ, તુ તુસઈ મોક્ષપદ લહઈ."
× × × × ૬૨૧
"વસુદેવ વિણુ જે સાધશુ ભરમ માંહિ હવિ હોમ્યું તિશું. ૬૨૨"
× × × ×
"જેહનાં નેત્ર સૂર શશિ વાહિ, હેવાહેત આંખિ જાણાઈ.

કિમ અણુઆલા વિણુ વિશ્વ રહિ ? અંતર પ્રાણુ પ્રકાશી કહિ.
એ આધારિ ત્રિભુવન રહ્યુ, પીશા આહિ પીશી જે કહ્યુ. ૬૨૩.
વેદ પુરાણુ બોલીઆ સાર, રાંધ્યું રંધાય બીજી વાર.
શાસ્ત્રસ્મૃતિની એ ધાત, હેઠ રાખીનઈકીજઈ વાત.
બીજી વાત કિમ મન રહઈ ? તેરસ ત્રીજ તિહાં ભેગાં વહઈ. ૬૨૪.

(સંતોષવીશી)

માંડણુની જ્ઞાનવીશીઓમાં આથી વધુ વિહાર આપણે કરીશું નહીં. એની જન્મભૂમિ શીરોહીની તાતી તલવારના અસંખ્ય વૈરાગ્યઝટકા એ અખાના પૂર્વજ જેવો લગાવે છે તેમ ઉચ્ચ અને સુંદર ગિરિશૃંગોની લીલી લીલોતરી ઉપર શાંત જ્ઞાનાકાશની ઘટા નીચે એ શાંત કૌમુદીવિહાર પણ કરાવે છે. ગુજરાતી સાહિત્યે જ્ઞાનસંપ્રદાયમાં અખાનું કવિસ્થાન અત્યાર સુધીમાં ઉચ્ચ ગણ્યું છે. પણ માંડણુને જોતાં ને અનુભવતાં એ પણ અખાના પ્રતિષ્ઠાસંપન્ન પૂર્વજ કવિવર સમો એનું સ્થાન જરાએ નીચું પડવા દે એવો નથી લાગતો. અખાનો પુરોગામી આ કવિવર અખાની કાવ્યસૃષ્ટિની બાહ્ય અને આંતર રચનામાં ઘણે અંશે મળતો લાગે છે અને સોનીમહાજન અખાની જ્ઞાનજાન્હવીને પોતામાં સમાવી સંતાડી રાખનાર જન્હુ પુરેપુરો નહીં તો કેટલેક અંશે આ બંધારામહાજન માંડણુ સિદ્ધ થાય એમ છે. એકે જ્ઞાનની દેવીને કાંચનનાં ખડબચડાં છતાં કીંમતી આભૂષણો ઘડી ઘડીને સજાવ્યાં છે; ત્યારે બીજાએ આ આભૂષણુવિધિ પહેલાં એ દેવીને એક સુંદર ચુંદડી જ્ઞાન અને ભક્તિની ફુલગુંથણીની કળાથી રસિક રીતે બાંધી, વિવિધ રંગોથી રંગી ધારણુ કરાવી છે. ચુંદડીના કુમાશભર્યા પોત ઉપર સુંદર કાવ્યગલો આછા ઘેરા ઉઠી રહ્યા છે અને એ તેજેભરી ભીંજાયલી ચુંદડીમાંથી જ્ઞાનની દેવી એનો હૃદયરસ ધીમી ધીમી ટપકાવી રહી છે.

માંડણુનો સમય, લોકજીવન અને સાહિત્ય

ગુજરાતી સાહિત્યનો આરંભકાલ (સં. ૮૩૫ થી ૧૪૫૯) વીતી મધ્યકાલ (સં. ૧૪૫૯ થી ૧૯૦૮) પ્રવર્તે છે તેમાંની નરસિંહયુગ (સં. ૧૪૫૯ થી ૧૬૦૦)ની છેલ્લી શતાબ્દિ એ માંડણુનો સમય છે. આ યુગના નામાંકિત સાહિત્યકારો—નરસિંહ, ભાલણ, પદ્મનાભ, ભીમ, મીરાં, ભાલણપુત્રો-ઉદ્ધવ અને વિષ્ણુદાસ, કેશવ હૃદેરામ, શ્રીધર, ગણપતિ, કર્મણ, જનાર્દન, લાવણ્યસમય વગેરે—ની નામાવલિમાં માંડણુના નામનો પણ સમાવેશ થાય છે. આ યુગના આ આગળ પડતા સાહિત્યકારોનાં કાવ્યાદિ,

કૃતિઓ કે વિષયોએ જ માંડણને પણ સાહિત્યકાર બનાવ્યો છે. એ જ દેશકાલે અને તેમાં વસી રહેલાં સંસારીઓ અને તેમનાં સંસારચિત્રોએ આ ભિન્નરુચિ કવિગણોને સાથે સાથે પ્રેરણા પાઈ છે. એક જ જાતની પરચક્ર તળેની રાજકીય પરતંત્ર સ્થિતિ, એક જ જાતનાં સંસ્કૃતસાહિત્યનાં આંદોલનો, મુસલમાન જેવા પરસંસ્કારોનાં આવાગમનો, આક્રમણો અને સમન્વયો, એક જ ધાર્મિક સંપ્રદાયનું જૈનબંધુઓનું સાહિત્ય, તે વખતે દેશમાં પ્રચલિત શિવ, વિષ્ણુ કે દેવી પ્રત્યેની ભક્તિ ને જ્ઞાનમાર્ગીઓના સંપ્રદાયોઃ આ સૌનાં પ્રતિબિંબો ઝીલાય એટલાં ઝીલી આ સાહિત્યકારોની સાહિત્યકૃતિઓએ પોતાનું જીવન ઘડયું છે. તે સમયની સામાજિક સ્થિતિના વર્ણભેદ, ધાર્મિક ઝઘડા, રીતરીવાજો, જનસ્વભાવો, સાચાં કે મિથ્યા સામાજિક બંધનો, નૈતિક શિથિલતાઓ, અજ્ઞાનમય અને તેથી વહેમી લોકજીવન, ધર્મને ઓથે થતાં દ્વેષભાવો, પ્રપંચજાળો અને ઢોંગો, અંધશ્રદ્ધાથી પોષાયલા ભક્તિ કે જ્ઞાનમાર્ગના કાચા અનુયાયીઓના અકાળે લીધેલા વૈરાગ્યો અને તે ઉપરથી થતા જીવનના ફજેતાઃ આવાં આવાં લોકજીવનની વિવિધતાઓનાં લક્ષણો તે વખતના સાહિત્યનાં મુકુરોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે દર્શન દે છે.

આ યુગના લોકજીવનને કાવ્યસંસ્કારોથી પોષતાં ત્રણ કવિરત્નો—નરસિંહ, ભાલણ અને પદ્મનાભ—ની ગણના કરી બીજી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદેથી દી. બ. કેશવલાલભાઈએ કહ્યું હતુંઃ

"મધ્યયુગના બીજા ગણાવવા જેવા સમર્થ લેખક છે નહીં. મોટા ભાગે સ્થૂલ ધર્મબુદ્ધિ તૃપ્ત કરવા મહાભારત રામાયણનાં નાનાં મોટાં આખ્યાનોનાં જોડકણાં જોડાયલાં આ સમયમાં મળી આવે છે. અથવા તો સામાન્ય જનસમાજની વિનોદવૃત્તિ સંતોષવા વાર્તાઓ ગદ્ય અને પદ્યમાં લખાયલી જોઈએ છીએ. ભાલણસુત ઉદ્ધવ વાલ્મીકિના રામાયણનું પ્રતિબિંબ ઉતારે છે. વિષ્ણુસુત નાકર પુરાણીના મુખે સંસ્કૃત કથા સાંભળી માણગોળાવાળા અર્થ પુણ્યબુદ્ધિથી ભારતનાં પર્વો ઘડે છે. એ ધર્મસંહિતા પાછળ બહુ કથાભટો યુગમાં મંડી પડે છે. વિષ્ણુદાસ, શિવદાસ, દેવીદાસ, મુરારિ, શ્રીધર આદિ કથકોનાં આખ્યાનોની ને કથાઓની ધર્મમંદ નિઃસત્ત્વ પ્રજામાં ખપતી પુષ્કળ થાય છે."[૮]

આ કથન પછીજ માંડણના આ કાવ્યની હયાતી આપણે જાણી શકીએ

---

૮ જુઓ બીજી ગુજરાતી સાહિત્ય પરિષદનો અહેવાલઃ પ્રમુખનું ભાષણ

છીએ. રુકમાંગદની એકાદશી કથા આલેખી કવિ કથાનક થયો છે. હનુમંતાખ્યાન અને રામાયણ આલેખી, એ આખ્યાનકાર થયો છે. એના સમકાલીનો જેવાં છુટક પદો એણે રચ્યાં હશે કે કેમ તે હજી જાણવામાં નથી. પણ આ બધા કરતાં માંડણની કાવ્યશક્તિનું સબલ દર્શન એના આ તત્ત્વજ્ઞાનભર્યા કાવ્યગ્રંથમાં ઉજ્જ્વળતાથી ઝળકી ઉઠે છે. સાહિત્યના આ અંગને આટલી સળંગતા અને સફલતાથી ખીલવનાર માંડણ ઉપર નિર્દેશેલા સામાન્ય કથકો કરતાં કે આપણી ધર્મસંહિતાઓના નીરસ કુસકાઓ ખાંડી આખ્યાનકારો બનેલા કવિઓ કરતાં વધારે ઉચ્ચ પદને યોગ્ય ઠરે છે.

ગુજરાતનું જનમંડળ કવિએ એના કાળમાં જોયું. એની અજ્ઞાનદશા, અવ્યવસ્થા અને નિર્બલતા એણે તાત્ત્વિક દૃષ્ટિએ નીહાળી. એને એમની આગળ નિર્મળ તત્ત્વદર્શન મુકવાની ઇચ્છા થઇ. અનુભવથી એણે એમની જીવનની રહેણીકરણી પ્રત્યક્ષ કરી. જ્ઞાની અને મૂર્ખ, પ્રેમી અને શુષ્ક, ડાહ્યાં અને ગાંડાં: આ સૌ આપણી ઠરેલ અને ઠાવકી વ્યવહારકુશળ ગુજરાતી પ્રજામાં પોતાના વક્તવ્યને સચોટ કરવા કહેવતનો ઉપયોગ કરે છે. કવિએ આમ લોકની જ ભાષા વાપરવાની દૃષ્ટિએ એની કાવ્યશક્તિ ખીલવી એમાં ભારોભાર અસંખ્ય કહેવતોના આડાઅવળા તંતુઓ ગોઠવી વણી દીધા છે અને 'બહુ તાંતણા બલવંતા' એ ન્યાયે એને કાવ્યને રસાળ, ઔચિત્યભર્યું અને બલવંતુ કર્યું છે.

કોઈ મદનજોશીનો એ શિષ્ય હતો.* એની જ્ઞાનપીપાસા એની બહુશ્રુતતાને નવપલ્લવિત કરતી જાય છે. 'ગુજરાત શેરી સાંકડી,' 'પેટ ભરાયું તો પાટણ ભરાયું', 'પાટણના પરોણા' 'બારે વરસે ગોદાવરી,' 'નાગરીનાં ગોઠણપણાં': આ અને બીજી અનેક કહેવતો કહે છે કે એણે ગુજરાતી જનમંડળ સાથે પ્રવાસ કરી, સહવાસ સેવી ગાઢ પરિચય કર્યો છે. એના જીવનની અગાધતાઓમાં એ પ્રવેશ કરી શક્યો છે. એને જેવું હતું તેવું એના શબ્દોમાં એણે વર્ણવ્યું છે અને જુની ગુજરાતી ભાષાના સૌંદર્ય અને રસવૈભવને એણે કલાનિપુણ તત્વજ્ઞાનીની દૃષ્ટિએ સફલતાથી સુરેખ કરી બતાવ્યાં છે.

કાવ્યગુંથણીમાં કહેવતોનો ઉપયોગ.

કહેવતને ખાતર કહેવત વાપરવાની ગાંડી ઇચ્છા કોઈ પણ કવિની કૃતિને રસભંગભરી અને દૂષિત કરી મુકે છે. કહેવતો એ જનમંડળના વિકસેલા

---

* જુઓ રુકમાંગદ આખ્યાનનું આગળ આપેલું અવતરણ.

ઊંડા ડહાપણની, આબાદ નીરીક્ષણતાની, ઉંડા અનુભવની અને સચોટ શબ્દ-સૌંદર્યોની મોંઘી ઉત્પત્તિ છે. એને જોઇએ ત્યાં અને જેટલી જોઇએ તેટલી વાપરવામાં આવે તો સુકવિને હાથે એનું સૌંદર્ય પણ વેડફાઈ જતું નથી પણ વધે છે. કહેવતોના ઉપયોગથી કાવ્યરસ ગરી પડતો નથી. એ લેખકના કથનને સફલ ને તાક્યું તીર બનાવે છે. આવી કહેવતોમાં લૌકિક ન્યાયો, લોકપ્રિય ઉક્તિઓ, રૂઢિઓ, અનુભવથી છલકાતી શિષ્ટ સાહિત્ય-કારોની સદા મુખાગ્રે વસી રહે એવી સફળ શબ્દાવલિઓથી આપણું સંસ્કૃત સાહિત્ય તેમજ ગુજરાતી સાહિત્ય ભરપુર છે. એનાં મુળ શોધવાં, એના ફેરફારનો ઇતિહાસ આપવો, એ ઉપરથી જનમંડળનો ઇતિહાસનાં અનુમાનો કરવાં એ સમર્થ ભાષાશાસ્ત્રીઓનો અને રસિક અભ્યાસકોના અખંડિત સ્નેહશ્રમભર્યો પ્રિય વિષય છે. ગુજરાતી ભાષાનું આવું મોંઘું અઢળક ધન આપણા ભાષાસાહિત્યના વિશાળ રણની વેળુ અને મૃત્તિકાના કણોમાં છુપાયલું પડી રહી શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક દૃષ્ટિવાળા અર્ધો સૈકાનો શ્રમ-ભાર રસિકતાથી સહી શકે તેવા પંડિતોની રાહ જોતું પડયું છે તેને ભેગું કરી, તારવી, સંશોધીને સંસ્કારી ગુજરાતી સાહિત્યના પુણ્ય મંદિરમાં પધરા-વવાનું છે. આને માટે કેટલાક પ્રયત્નો થયા છે[10] પરંતુ તેનો નવીન દૃષ્ટિએ પુનરુદ્ધાર અપેક્ષિત છે. સંસ્કૃત સાહિત્યમાંથી તારવી કાઢેલા 'લૌકિકન્યાય સંગ્રહ,[11]' 'લૌકિક ન્યાયાંજલિ,[12]' આપ્ટેનાં 'સંસ્કૃત કોષ' અને 'સંસ્કૃત નિબંધની માર્ગોપદેશિકા' વગેરેમાં આછાં આછાં પણ સૂચક રીતે આવી રૂઢિઓ, ન્યાયો, ઉખાણા, કહેવતો દર્શન દે છે તે તથા લોકવાણીમાં ચાલુ રહેલાં પ્રાકૃત, અપભ્રંશ અને જુની ગુજરાતીદ્વારા આપણા લોકજીવનના વપરાશમાં વિકૃત થતાં ન થતાં છતાં સતત ધારાએ વહેતાં રહ્યાં છે. નર-સિંહથી માંડી છેક દયારામ[13] સુધીના આપણા કવિગણોએ થોડે કે ઘણે

---

૧૦ આશારામ દલીચંદ શાહસંગ્રહિત કહેવતસંગ્રહ, દામુભાઈ ડાહ્યાભાઈ મહેતાસંગ્રહિત ગુજરાતી કહેવતો, ભોગીલાલ ભીખાભાઇ ગાંધીસંગ્રહિત રૂઢિ-પ્રયોગ વગેરે વગેરે. સ્વર્ગસ્થ મણિલાલ વ્યાસે પણ કહેવતોનો સંગ્રહ આદર્યો હતો પણ એમના અવસાને એ અધુરો જ રાખ્યો છે.

૧૧ જુઓ ડૉ. બ્યુલરનો સુવિખ્યાત કાશ્મીરનો અહેવાલ (ઇ. સ. ૧૮૭૭). આ સંગ્રહ રજપુત રઘુનાથ સંગ્રહિત છે.

૧૨ કર્નલ જી. એ. જેકબકૃત (ઈ. સ. ૧૯૦૦)

૧૩ જુઓ [૧] 'સાત સાંધુ તહાં તેર તુટે'. (નરસિંહ મહેતા.)
[૨] 'ફીડી સાંચરે તીતર ખાય તેમ થયું આજ મારે' (પ્રેમાનંદઃ ભાગવદ્દશમ)

ખરી એમનો આશ્રય લઈ એ ધારાને બહલાવી છે. પણ જુની ગુજરાતીના માંડણ કે શીધરે તો એનો બેશુમાર ઉદ્દારતાથી આશ્રય લીધો છે છતાં ઔચિત્યભંગનો દોષ નથી વહોર્યો એ એમની સમર્થતાની ખાસ ખુબીઓ છે. પોતાના ઉખાણા વીશે ઉલ્લેખ કરતાં માંડણ તેમની અસંખ્ય સંખ્યા જોઈ ગભરાઈ જાય છે.[૧૪]

માંડણના પદ્યબંધ અને અખાના છપ્પા તથા વિચારસામ્ય.

અખો એની લોકપ્રિય કવિતાના પદ્યબંધને 'છપ્પા' કહે છે. અખાના છપ્પા પિંગલાચાર્યના છંદશાસ્ત્રના છપ્પા નથી. છ છ ચરણની ચોપાઈને અખાએ છપ્પા કહ્યા છે. અખાના આ છપ્પાનું મુળ આપણે માંડણના પદ્યબંધના સ્વરૂપમાં જોઈએ છીએ. અખાના છપ્પાઓ જુદા જુદા સમયે રચેલા છે, અને માંડણે જેમને 'વીશી' સંજ્ઞા આપી છે તેને એ 'અંગ' સંજ્ઞા આપે છે. અખાના આ છપ્પાની સંખ્યા ૭૪૬ ની છે ત્યારે માંડણના છપ્પાની સંખ્યા પ્રત્યેક વીશીના વીસ વીસ અને વધારાના ચાર મળી કુલ ૬૪૪ ની છે.

એ પ્રબોધ બત્રીશીસાર, વીશી વીશી જોઈ વિચાર.
ઉખાણા બહુ આદર કરી, જોગે અર્થ વિધિ વિસ્તરી.
એ સંખ્યા ષટશતચૌઆલ, પંદિલૂ આપ પછઇ શીખ બાલ. ૬૪૧

(માંડણ: પ્રબોધબત્રીશી)

કહેવતોના ઉપયોગ પણ બહુ વિસ્તારથી નહીં છતાં અખાએ પણ છુટથી કર્યો છે અને તેમાંની ઘણીએક બંનેએ એક જ વાપરી છે:

"સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી ચાલ્યો ઘેર આપ. ૧૨

---

[૩] 'લોભે લોક બડાઇ તાણ્યો ઉંદર કાજે ડુંગર ખણ્યો' (**અખો: છપ્પા**)

[૪] 'ચોરી દે તે શાનો ચાડ? પરઠ્યું દે તે શાનો પાડ?' (**શામળ: નંદબત્રીશી**) શામળે અંગદવિષ્ટિ કાવ્યમાં એ કહેવતોનો બેહદ ઉપયોગ કર્યો છે.

[૫] 'સો મણ તલથી શું કર્યું? રહ્યું અંધારૂં ઘોર.' (**દયારામ: પ્રબોધબાવની**)

૧૪ "અવની રહી ઉખાણા ભરી, તે કિમ સકાઇ પૂરા કરી?
ઈમ કરતાં જે જે સાંભર્યા તે તે ગ્રંથ માંહિ વિસ્તર્યા.
ઘડા ગણુ મ્યુહુ અંગુલિ ગ્રહ્યુ તિમ આકુણિઈ પૂરણ થયું. ૬૪૨"

(માંડણ: પ્રબોધબત્રીશી)

બીજે સ્થળે એ કહે છે:

"ઉખાણે હરિ લાગૂં મને, યમ ઉકરડા માહિ રતન." ૧૦૦

(માંડણ: પ્રબોધબત્રીશી)

ગોળે મરે કાં આપે વખ? તપી ભમી કાં પામે દખ? ૩૧
અખા! મોટું છે એ વાંકડું, જેમ કરડયું વીંછીએ માંકડું. ૩૯
એક મુકી અન્ય સાધન કરે જેમ ભ્રમરોગી વિજયા વાવરે. ૨૯૪

સુકું જ્ઞાન ને વ્યંડળ મુછ, કરમી ધન કુતરાંનું પુછ:
એ ચારેથી અર્થ ન થાય, સામું એબ ઉઘાડે કાય. ૩૬૧
અખા! વસ્તુ સરીખો થાય, તે હીરે હીરો વેધાય. ૪૧૨
અંધે અંધ અંધારે મળ્યા, જેમ તલમાં કોદરા મળ્યા;
ઘેંસ ન થાય ન થાય ધાણી, કહે અખો એ વાતો જાણી. ૬૩૫
આંધળો સસરો ને સણુઘટ વહુ, એમ કથા સુણવા ચાલ્યું સહુ;
કહ્યું કાંઇ ને સમજ્યાં કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું.
ઉંડો કુવો ને ફાટી બોખ, શીખ્યું સાંભળ્યું સર્વે ફોક. ૬૩૬

(અખો: છપ્પા)

અખાએ આમ સ્વતંત્ર રીતે એક જ કહેવતોનો ઉપયોગ કર્યો હશે છતાં બન્ને કવિઓનું વિચારદર્શન પણ ઉપરની કહેવતો અને બીજાં અનેક સ્થળે એક જ ને આબેહુબ મળતું આવે છે. વિચારસામ્યનાં કેટલાંક સ્થલો સમજુતીમાં દર્શાવ્યાં છે તેથી અત્રે બહુ વિસ્તારની જરૂર નથી. બન્ને કવિઓના આ જાતના કાવ્યનું, તેના વિચારોનું, તેના પદબંધનું, તેની સંખ્યાનું અને તેની શૈલીનું આ મળતાપણું સૂક્ષ્મ વાચકને જણાયા વગર રહે એમ નથી.[૧૫]

૨ શ્રીધર

સવણમંદોદરી સંવાદ: હાથપ્રત

જે હાથપ્રતમાંથી સ્વર્ગસ્થ મણિલાલ વ્યાસે સંશોધન ને સંસ્કરણ કરી વિદ્વાન સભા મારફત આ ગ્રંથ છપાવ્યો છે તે પ્રત પણ માંડણની 'પ્રબોધ બત્રીશી' માફક મને જોવાનો લાભ નથી મળ્યો. સુરતની પાંચમી ગુજરાતી સાહિત્યપરિષદના ગ્રંથપ્રદર્શન વિભાગમાં મણિલાલ વ્યાસે નીચે મુજબ આ હાથપ્રતની નોંધ કરી છે:

---

૧૫ જુઓ આ કથનને પુષ્ટિ આપતો અભિપ્રાય: આ ગ્રંથનો રચનાબંધ, વિષયની વર્ણવવાની પદ્ધતિ, સામાન્ય વ્યવહારનાં વચનો અને 'ઉખાણા'નો ઉપયોગ વગેરે—અખાના પુરોગામી તરીકે આ કાવ્યને (પ્રબોધ બત્રીશીને) ખુબ મહત્વ આપે છે. (મંજુલાલ મજમુંદાર: અખો: ૧૯૨૯-૩૦ સ્કૂલ લીવીંગ પરીક્ષા માટેના કાવ્ય સંગ્રહની સમજુતી).

નામ	સાહિત્ય	લેખક	રચ્યા સં.	લખ્યા સં.	પૃષ્ઠ.
મંદોદરી સંવાદ	કાવ્ય	શ્રીધર	૧૫૬૫	૧૭૦૫	૧૬

આની પુષ્પિકામાં તે નીચે મુજબ જણાવે છે: "ઇતિશ્રી મંદોદરી સંવાદ ચઉપઈ સંપૂર્ણ.

સંવત ૧૭૦૫ વર્ષે વૈશાખ સુદિ ૧૫ દિને કાસિમપુર મધ્યે ઋષિશ્રી રાજપાલજી તસ્ય શિષ્ય મુનિ વીરજીલિપિકૃતં સ્વયંપઠનાર્થં."

મણિલાલ વ્યાસે આ હાથપ્રત સાથે બીજી પ્રતો સરખાવી છે તે આ છપાયલા ગ્રંથનાં કેટલાંક પૃષ્ઠોની ચરણટિપ્પણીઓ ને પાઠાંતરો ઉપરથી જણાય છે. પણ તે તે પ્રતોની કંઈ હકીકત એમણે નોંધી નથી. ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીવાળી પ્રત પણ એમણે જોએલી લાગે છે અને તેની નોંધ તેમણે ઉપર્યુક્ત પુષ્પિકા પછી કરી છે કે

"ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના ઉપમંત્રી રા. હીરાલાલ પારેખ તરફની પ્રતિનું છેવટ આ પ્રમાણે છે:

"સંવત ૧૬૭૯ વર્ષે અશાઢ પ્રમાણ વદિ ૫ ભોમે શ્રીઅમરેલી વાસ્તવ્યે શ્રી કલ્યાણમસ્તુ."

આ સોસાયટીવાળી પ્રત આ સંસ્કારેલા ગ્રંથ સાથે સરખાવવા માટે મેં મેળવી હતી. પણ તે પ્રત ત્રુટક છે. એની પ્રથમની ૧૫૯ કડીઓ નથી. તેને આ પ્રતની કડી ૫૨૭ થી બની તેટલી સરખાવી મેં કોઈ કોઈ સ્થળે પાઠાંતરો સુચવ્યા છે. આ પ્રતની કુલ કડીઓ ૪૦૭ છે.[16]

શ્રીધરની આ કૃતિની ત્રીજી એક પ્રતની હકીકત નીચે મુજબ છે:-

"૨૧૫ + શ્રીધર (જૈનેતર)

રાવણ મંદોદરી સંવાદ. સં. ૧૬૬૫

—પત્ર ૨૪ ગ્રંથમાન ૨૦૬ લખ્યા સં. ૧૮૨૯. દાબડો ૨૨. લી. (અર્થાત્ લીંબડી) ભંડાર. આ ચોપાઈ તથા દુહામાં છે. કુલ દુહા ૨૦૬ છે."[17]

ઉપલી બે હાથપ્રતોમાંની રચ્યા સાલ અને આમાં જણાવેલી રચ્યા

---

૧૬ મણિલાલે કડીઓની સંખ્યા માંડણની કૃતિની સંખ્યા સાથે સળંગ રાખી ગણી છે. તેમજ ચોપાઈનાં ચાર પદોની એક કડી નહીં ગણતાં ૮ની એક કડી ગણી છે આથી સરખાવવાનું કામ અઘરૂં થઈ પડે છે. લેખક

૧૭ જુઓ રા. મોહનલાલ દલીચંદ દેસાઇની તૈયાર કરેલી યાદી: જૈન ગૂર્જર કવિઓ: પ્રથમ ભાગ: પૃષ્ઠ ૪૧૧

સાલનો સૈકાનો અંતર નોંધી લેવામાં કૈંક ભુલ થયેલી લાગે છે. આ પ્રતો હું મેળવી શક્યો નથી.

આ કાવ્યગ્રંથની હાથપ્રતો અને તેમાંથી સંસ્કારેલા આ ગ્રંથમાં મુળ લેખકના, લહીઆઓના કે સંસ્કર્તાના હાથથી જાણેઅજાણે ને ઉપલબ્ધ સામગ્રીની ન્યૂનતાને લીધે હજીએ બેશુમાર અશુદ્ધિઓ રહેવા પામી છે તે અભ્યાસીને જણાયા વગર રહેશે નહીં. ભ્રષ્ટ પાઠો, તુટી ગયેલા શબ્દોના અવયવોનાં બીજા શબ્દો સાથે અસંબંધ ભળી જવાથી કે છુટા પડી જવાથી વિકૃત દશા પામેલા કાવ્યના શબ્દકલેવરને યથાર્થ રૂપે જોવાનું અને તે ઉપરથી શબ્દાર્થ ઘટાવવાનું ઘણુંજ અઘરૂં થઈ પડે છે. વધારે સમય અને બીજી હાથપ્રતોના સાહાય્ય વગર, આ વસ્તુસ્થિતિ આમ મારે સ્વીકારી જ લેવી પડી છે.

બે શ્રીધરો

દશમ સ્કંધ, સપ્તશતી અને રણમલ્લ છંદના કર્તા શ્રીધર વ્યાસથી આ રાવણ મંદોદરી સંવાદનો કર્તા અડાલજા મોઢ શ્રીધર ભિન્ન છે.[૧૮] દીવાન બહાદુર કેશવલાલભાઈ આ શ્રીધર સંબંધે ઉલ્લેખ કરે છે:

" રણમલ્લછંદના શ્રીધર ઉપરાંત એક ગૌરીચરિત્રનો શ્રીધર છે. પરંતુ એ શ્રીધર ભિન્ન સમજવાનો છે. પહેલાનું કાવ્ય છંદોબદ્ધ છે અને તે ઇડરમાં રચાયું છે. બીજાનું દેશીમાં છે અને તે જુનાગઢ પાસે લખાયું છે.× ગૌરીચરિત્રના કર્તાએ રાવણમંદોદરી સંવાદ પણ લખ્યો છે. તેમાં તે પોતાને જીર્ણદુર્ગનો મોઢ અડાળજો કહે છે. રણમલ્લ છંદનો કર્તા વ્યાસ અવટંક ઉપરથી બ્રાહ્મણ સમજાય છે. રાવણમંદોદરી સંવાદની રચનાનું વર્ષ સંવત ૧૫૬૫ છે. રણમલ્લ છંદની રચનાની સાલ ઈ. સ. ૧૩૯૮ (સં. ૧૪૫૪) આવે છે. બે કવિની વચ્ચે એકસોઅગીયાર વરસનું અંતર છે. " મંત્રી સહમાનો પુત્ર "* ઇડરના રાજકવિથી બહુ અર્વાચીન છે."

---

૧૮ અડાલજા મોઢના ગોર અડાલજા મોઢ બ્રાહ્મણો હોય છે. આ કવિ બ્રાહ્મણ કે વણિક છે તે માટે સંતોષકારક ખુલાસો મળતો નથી.

× જુઓ ગૌરીચરિત્ર, ૧૬, ૩

" સરસ્વતીસાગર નીર નિર્મળ સોમશિર ધારા ઢળે."

પ્રસ્તુત પંક્તિમાં જુનાગઢ પાસેના પ્રભાસક્ષેત્રનો નિર્દેશ છે.

* જુઓ રાવણ મંદોદરી સંવાદની સમાપ્તિની નીચેની કડીઓ:

ગૌરીચરિત્રકાર શ્રીધર અને રાવણમંદોદરીસંવાદકાર શ્રીધર દી. બ. કેશવલાલભાઈ જણાવે છે તેમ એક જ હશે? બૃહત કાવ્યદોહન પુસ્તક છઠ્ઠામાં જે હાથપ્રતમાંથી ગૌરીચરિત્ર સંસ્કારીને પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે તેની લખ્યા સાલ સં. ૧૬૭૫ ના શ્રાવણ સુદ ૧૪ ની આપેલી છે.[૧૯] આ સાથે સોસાઈટીવાળી રાવણમંદોદરી સંવાદની પ્રતની લખ્યા સાલ સં. ૧૬૭૯ના લગભગ સામ્યથી આપણે કંઈક પ્રકાશ લઈશું?

ગૌરીચરિત્ર આ યુગના ભાલણાદિ કવિઓના પ્રિય વિષય થઈ પડેલા શિવભીલડી સંવાદ સંબંધનું ટુંકું કાવ્ય છે. એની ભાષા અને રાવણમંદોદરી સંવાદની ભાષા કેટલેક અંશે શબ્દસામ્ય અને ચોપાઈના પદોના છેલ્લા શબ્દોના ત્યાર પછીની ચોપાઈના પ્રથમ શબ્દોના એકપણાથી મળતી પણ આવે છે. આ બંને કાવ્યોના કર્તા શ્રીધરના એકપણા વીશે છતાં વિશેષ સૂક્ષ્મતાથી હજી તપાસવા જેવું છે.

આ શ્રીધરને નામે સપ્તશતી અને કવિત ભાગવત પણ અન્ય સ્થળે ચઢાવી દેવામાં આવ્યાં છે,[૨૦] તે તો ભ્રમથી થયું લાગે છે, એ શ્રીધર વ્યાસની પ્રાચીન ભાષા પરથી જણાઈ આવ્યા વગર રહેતું નથી.

કવિ શ્રીધર વીશે, તેના પિતા સહમા અને તેના મંત્રી હોવા ઉપરાંત આપણે કૈં વધુ જાણી શકતા નથી. કવિ રામભક્ત વૈષ્ણવ છે અને એના

સંવત પંનર પાંસઠઇ જીરણદુર્ગ નિવાસ.
પૂર્ણ ચ્યારિ ચૂપઈ વીસઈ બાધી બુદ્ધિ પ્રકાશિ.
સુહઇ મંત્રી સહમા સુતન કવિતા સીધર નામિ.
ઉતપત મોઢ અડાલજા તસ તૂઠા શ્રીરામ.

જુઓ ઈ. સ. પંદરમા શતકનાં દી. બ. કે. હ. ધ્રુવસંશોધિત પ્રાચીન ગુર્જર કાવ્યની પ્રસ્તાવના-પૃષ્ઠ ૧૦-૧૧.

૧૯ જુઓ ગૌરીચરિત્ર બૃહત કાવ્યદોહન ભાગ ૬ ઠ્ઠાના અંતભાગ ઉપરની નોંધ.

૨૦ જુઓ રા. કનૈયાલાલ મુનશીનો લેખ:

સં. ૧૫૪૮ માં જંબુસરમાં ઔદિચ્ બ્રાહ્મણ જનાર્દન ઓખાહરણ રચે છે. અને સં. ૧૫૫૦ માં ગણદેવીનો અનાવિલ બ્રાહ્મણ કીકો વસી બાલચરિત્ર લખે છે. સં. ૧૫૬૨ માં અડાલજનો મોઢ શ્રીધર રાવણમંદોદરી સંવાદ, સપ્તશતી છંદ અને કવિત ભાગવત લખે છે. ૧૫૭૪ માં ઉના ગામનો માંડણ દશ હજાર ટુંકનું રામાયણ અને હનુમંતાખ્યાન લખે છે. આમ આ યુગમાં પૌરાણિક પ્રોત્સાહન ચારે તરફ નવા પ્રયત્નો કરવાની આકાંક્ષા પ્રસારી રહ્યું હતું. (ગુજરાતી સાહિત્ય: ખંડ ૫: ભક્તિ અને ગુજરાતી સાહિત્ય: પ્રકરણ ૧૨: પૃ. ૩૨૦)

કાવ્યારંભે જણાવે છે તેમ એ રામકથાનાં સોના અને સુગંધનો રસીઓ છે. ગૌરીચરિત્ર એણે જ લખ્યું હોય તો તે શિવભક્ત પણ હોવો જોઇએ અને શિવ અને વિષ્ણુ વીશેના સમભાવભર્યો ઉલ્લેખો જોતાં એના યુગના ભાલણના જેવો એ હરિહર પ્રત્યે ઉદાર સમદષ્ટિ ધરાવતો લાગે છે.

એનો અભ્યાસ એ સંવાદના આરંભમાં નમ્રતાથી જણાવે છે તેમ સંગીન અને શાસ્ત્રીય નથી. એના યુગના અન્ય લેખકો જેવો એ બહુશ્રુત જણાય છે. એની ભાષા ઉપરની પ્રભુતા સબળ લાગે છે.

જુનાગઢના બે કવિઓ : નરસિંહ અને શ્રીધર

શ્રીધરના કાવ્યની રચ્યા સાલ સંવત ૧૫૬૫ ની જોતાં એના જન્મકાળના વર્ષો તરફ તેમજ એની વતનભૂમિ જુનાગઢ તરફ પણ આપણી નજર ગયા વગર નથી રહેતી. મહેતાજી અને શ્રીધર સમકાલીન હશે ? રા. કનૈયાલાલ મુનશીએ સં. ૧૫૭૨ સાથે મહેતાજીનો સમય ઘટાવવા પૂર્વપક્ષ કર્યો છે તે હકીકત પણ યાદ કરીશું ?[૨૧]

જુનાગઢ દરબારમાં મહેતાજીને વરઘોડે ઉભરેલા સાજનમંડલમાં શ્રીધરને શોધી કઢાશે ? બેશુમાર ક્ષેપકતાથી ભરપુર હારસમાનાં પદોમાં અને તે પણ કોઇ જુનામાં જુની મહેતાકૃત કાવ્યોની હાથપ્રતમાં આ શ્રીધર જણાય તો ? પણ ઉપર્યુક્ત સાજનમંડલમાં એક શ્રીધર સંન્યાસી—બ્રહ્મચારી—તો જણાય છે. શ્રીધરને એ શ્રીધર સાથે ઘટાવવો એ મુશ્કેલ તો છે જ.[૨૨]

રાવણમંદોદરી સંવાદ : કાવ્યવિવેચન

રાવણ અને મંદોદરીના સંવાદનું વિષયવસ્તુ લઈ પ્રત્યેક સાહિત્ય યુગમાં અનેક ગુજરાતી કવિઓએ ગુજરાતમાં કાવ્યસરિતા વહેવડાવી છે. માંડણની માફક ઉખાણાનો ઉદાર ઉપયોગ કરી શ્રીધરે આ સતીશિરોમણિના અને એના બલવાન છતાં પામર પતિપ્રભુના સંવાદને સબલ અને સરસ રીતે ગુંથ્યો છે. મંગલાચરણ પુરું કરી કવિ કહે છે:

---

૨૧ જુઓ ગુજરાતી સાહિત્ય, ખંડ ૫, ભાગ ૮ મો, પ્રકરણ ૧૬ મું.

૨૨ જુઓ નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહમાંની હારમાળાનું પદ ૪૯ મું, પૃ. ૧૯, ગુજરાતી પ્રેસની સં. ૧૯૬૯ ની આવૃત્તિ:

"પાગે પડ પહેલાં સંન્યાસીને મુકને આ માલા ઉતારી રે,
મૃત્યુ થશે ઉગર રે નરસૈંયા ! કહે શ્રીધર બ્રહ્મચારી.
નાગરા ! સત રહી બહુ બોલ."

" રહિ રાવણુ મતિ મંદોદરી કરિસી કવિત ઉખાણિુ કરી;
રામકથા સોનું ને સરહુ સો કવિ શ્રીધર જુડસિ ખરૂં."

આ પછી મંદોદરી સંવાદ ઉપાડે છે. રાવણુ રઢ લેતો જ જાય છે. સતી એક પછી એક માથામાં વાગે એવો પ્રત્યુત્તર આપે જાય છે. કવિની પ્રાસાદિક વાણી પણુ સંવાદના રસે ચઢી રસ ને જોમની જમાવટ કરતી જાય છે. રાવણુની ઈર્ષ્યાતેરે પેઠી ઉકેલી સતી ઉપાલંભ ઉપર ઉપાલંભના વજ્ર-પ્રહાર કરે છે; છતાં તડ અને ફડ કરતી એ મૃદુલ મહિલાની કઠોર વાણી છેવટ સુધી પતિરૂપ પથ્થર ઉપર પાણી જ રેડે છે. પતિ ઉલટો આડો જ ફાટે છે. મુરખને શી મતિ દેવી? સતી કહે છે:

મંદોદરી—" મુરખ મતિ દેતાં ચઉપઈ, સો સંખ્યા પરિપૂરણુ થઈ,
તોહિ ન લાગિ સીખ શરીર, કાલમીંટ કિમ ભીંજઇ નીર?
પ્રિય પ્રીછવતાં માથું પલિઉં, જિમ પાડા સિરિ પાણી ઢલિઉં.
વન વાસિઇ નર નીલજ તણુઈ, સીતલ છાયા સીધર ભણુઇ." ૭૪૮

સતીનાં વચનબાણોનો અગ્નિ પતિને પગથી ચોટલી સુધી ચેતાવી મૂકે છે:

રાવણુ—" તિણિ વચનિ સુણી સિર થકો, ચાલ્યો ચરણુ લગી ચાટકો.
રાતાં લોચન રીસિઈ ભરિયાં, દસ મસ્તક થડયાં થરહરિયાં.
અસુર ન મારિ અબલા પાત્ર, ધરણી હણી ધરિ ખાણવું ખાત્ર.
વરિ વયરી પણુ પંડિત ભલો, પ્રીતિવંત પામર દોહિલો. ૮૨૫

× × × ×

રાંડ ભાંડ બે સાંઢ સમાન, આગઈ કર જોડયા પ્રધાનિ.
એક અબલા નઇ એહેર તણાં કર્મ થોડાં ને પ્રાક્રમ ઘણાં." ૮૨૭

કંથ કોપ્યો. હવે કોને કહેવું? મંદોદરીએ છેવટે
" અષ્ટા સમયીં સસરાભણી વાહાર કરિ કુલિવહૂઅર તણી."

બ્રહ્મા ને શિવ આવી છેવટે આ અજાયુદ્ધ સમા રૂસણાનો અંત લાવે છે. કવિ આ દ્વિમૂર્તિ દેવોદ્વારા પતિપત્નીધર્મનો પૃથ્વીપ્રાચીન પાઠ ભણાવે છે ને તેમને ઠંડાં પાડે છે. કાવ્યનો મંગલ અંત કવિ સરસ શબ્દોમાં સમેટી લે છે:

" રામિ રાવણુ નઇ ઘટકરણુ, તારિયા કુંવર કુલ આભરણુ.
આવાગમન કરી ભિક્ષા તઇ સરગતિ રાખ્યા શ્રીરંગા.

અચલ વિભીષણુ આપ્યૂં રાજ, વલી પાડિઉં વાનરનૂં કાજ.
સીત સહિત અવધ્યા આવિયા, ભરત શત્રુઘન સાહમા ગયા. ૮૪૭
ગયા નગરિ નરનાયક નારિ યમ હર જમલી હેમકુમારી.
પંચ શબ્દ શીકિરિ સરિ ઢલિ, આગલિ અધિપતિ પાલા પલિ.
સિંઘાસણિ બયઠા શ્રીરામ, સકલ લોકે લાધો વિશ્રામ×
સવિ ઉપગાર અમીરસ થયા,* કવિ સીધર નઇ કીધી મયા.
મઇ મતિમાનિ વાત વીનવી અધિકું ઊણું ખમયો કવિ." ૮૪૮

શ્રીધરે પણ પંક્તિએ પંક્તિએ કહેવતોનો ઉપયોગ કર્યો છે. માંડણ ને એની આ લગભગ એક જ સમયની કૃતિઓમાં કહેવતોનો આવો ઉપયોગ આપણું ખાસ ધ્યાન ખેંચે છે. માંડણની કહેવતો વીશે કહેવાનું કહેલું હોવાથી અહીં કહેવતોના સંબંધમાં વધુ કહેવાની જરૂર રહેતી નથી. માત્ર એટલું તો નોંધવુંજ જોઈએ કે આમાંની ઘણીએક એકજ જાતની કહેવતો બન્ને કવિઓએ વાપરી છે. માંડણની માફક શ્રીધરે પણ કહેવતોનો ઉપયોગ કરતાં ઔચિત્યભંગ નથી કર્યો.

નરસિંહયુગની ભાષા અને તેનું વાસ્તવિક સ્વરૂપ

સ્વર્ગસ્થ ડૉ. ટેસીટોરી જેને Old Western Rajasthani (જુની પશ્ચિમ રાજસ્થાની) કહે છે તેને રા. રા. નરસિંહરાવભાઇ 'ગુર્જર અપભ્રંશ' કહે છે અને તેમ કહેવાનાં કારણે તે આપે છે[૨૩] નરસિંહ મહેતા એમના યુગની આપણી ભાષાને એમના સુરતસંગ્રામમાં 'અપભ્રષ્ટ ગિરા' નામ આપે છે. આ જુની પશ્ચિમ રાજસ્થાની, 'ગુર્જર અપભ્રંશ' કે 'અપભ્રષ્ટ ગિરા'નું જેવું હતું તેવું યથાર્થ સ્વરૂપ તેની શુદ્ધ રેખાઓમાં અંકિત થયેલું જોવાને આપણી ઐતિહાસિક દૃષ્ટિ તલસી રહી છે. એ દૃષ્ટિ અને એને જોવાના સત્ય સ્વરૂપની વચ્ચે હજી ઘણુંએક ધુમ્મસ જામી ગયું છે તેને વીખેરવા માટે હજી બીજાં નવીન સાધનોની, નવીન સંશોધનની અને નવીન પ્રકાશની અપેક્ષા રહે છે. પ્રાકૃત અને અપભ્રંશના અભ્યાસોનાં પરિણામ, જુની પશ્ચિમ રાજસ્થાનીનો સ્પષ્ટ ભૌગોલિક પ્રદેશ, હીંદી અને મારવાડી વગેરેની ગુજરાતી ઉપર અસર વગેરે વગેરે બાબતોનું આપણી

૨૩ જુઓ નરસિંહરાવભાઇનું કાન્હડદેપ્રબંધનું પુરોવચન: આવૃત્તિ બીજી ઇ. સ. ૧૯૨૬.

× પાઠાંતર: સકલ લોકનું રઘુ વિશ્રામ. (સોસાઇટીની પ્રત)

* પાઠાંતર: હવિ અવધિ અમીરસ થયા. („)

ભાષાના સ્વરૂપદર્શન માટે સંશોધન થાય, તે સાથે ખુદ નરસિંહ મહેતાની ‘અપભ્રષ્ટ ગિરા’ની શુદ્ધતાને પણ તેની ઉપર ફરી વળેલાં ધુમ્મસપડોમાંથી સંશોધવાની અને સંસ્કારવાની આવશ્યકતા છે. નરસિંહ મહેતાની અતીવ લોકપ્રિયતાને પામેલી પ્રકીર્ણ કાવ્યસામગ્રી વિવિધ જાતની ક્ષેપક સામગ્રીથી ભરપુર છે. ‘હારસમાનાં પદો’ની જુજ સંખ્યા પણ તારવવાની અને સંશોધવાની છે. મહેતાનાં સળંગ કાવ્યોને પણ ભુંડી લોકપ્રિયતાએ ક્ષેપકતાની વરસોળીઓ ચોંટાડી છે. મહેતાના જીવનકાળના સંશોધનનો જે પૂર્વપક્ષ રા. કનૈયાલાલ મુનશીએ કર્યો છે તે પણ હજી ઉત્તરપક્ષની જરૂર અપેક્ષા રાખે છે. આવી સ્થિતિમાં નરસિંહયુગની યથાર્થ ભાષાનું સ્વરૂપ ક્યાં જોવું ?

નરસિંહ પછી મીરાંની પ્રકીર્ણ કાવ્યકૃતિઓના સ્વરૂપનાં દર્શન પણ ચોમેર વીંટળાઇ વળેલું ધુમ્મસ નથી કરવા દેતું. જુની પશ્ચિમ રાજસ્થાનીના એક વિભાગની વાણી તે મીરાંનાં કાવ્યોની વાણી. એનું યથાર્થ સ્વરૂપ ત્યાગી એણે ગુજરાતની અપભ્રષ્ટગિરાના વાઘા પાછળની લોકપ્રિયતાને હાથે ગમે તેમ વખતો વખત પહેર્યાં એ સ્થિતિનાં કોકડાં પણ ઉકેલવાનાં રહ્યાં છે. અને મીરાંનું એકકે પદ ગુજરાતીમાં છે જ નહીં એ પ્રગલ્ભ લાગતા છતાં સાચા લાગતા અભિપ્રાયનું તારતમ્ય પણ કસોટીએ ચઢાવવા જેવું છે. નરસિંહ અને મીરાં આ બન્ને ભકતોએ ભક્તની નિર્મળ દૃષ્ટિએ જે જે નાની મોટી કૃતિ કરી હશે તેમાં નિર્મળ ભાષા, નિર્મળ ભાવ અને તે સમયની લોકભાષાનું નિર્મળ પ્રતિબિંબ હોવું જ જોઇએ. આ સ્થિતિમાં નરસિંહયુગની ભાષાનું યથાર્થ સ્વરૂપ કેમ કરી જોવું ?

નરસિંહની સ્વતંત્ર કાવ્યકૃતિઓના તે સમયની સમકાલીન કૃતિઓના શબ્દો સાથે સરખામણી, વાગ્વ્યાપારની વૈજ્ઞાનિક દૃષ્ટિએ તેની તપાસ, તે સમયનાં લોકજીવનનાં અન્ય કૃતિઓમાંથી હાથ લાગતાં દશ્યો આપણી આગળ વિશેષ સામગ્રીની મદદ સાથે રજુ થશે ત્યારેજ નરસિંહયુગની ભાષાનું સાચું સ્વરૂપ આપણે જોવા પામીશું.

નરસિંહ અને મીરાંની અસલ ભાષાના વિકૃત સ્વરૂપનો વિચાર કર્યા પછી તેજ યુગના વિદ્દર્ય કવિવર ભાલણની ભાષા વીશે આપણે વિચાર કરીએ છીએ ત્યારે આપણને આશ્વાસન મળે છે કે એની કાદંબરીદ્વારા આપણાથી તે કાલની ભાષાના સ્વરૂપની યથાર્થતા ઘણે અંશે પમાય છે. પણ કાદંબરી માફક એની અન્ય કૃતિઓ લહીઆઓ અને લોકપ્રિયતાને

હાથે જોઇએ તેટલી વિશુદ્ધ રહેવા પામી નથી એ પણ આપણે જોઈ શકીએ છીએ.

આ પરિસ્થિતિમાં આ સૈકાની ભાષાના વિકાસક્રમના ઇતિહાસને સૂક્ષ્મતાથી અવલોકવા આપણે વર્ષે વર્ષે સ્થિર સ્વરૂપ ધીમે ધીમે ધારણ કરતી જતી ભાષાના સંખ્યાબંધ અને વિવિધ નમુનાઓ તપાસવા જોઇએ. 'બાર ગાઉએ બોલી બદલાય' ને 'બાર વર્ષે બોલી બદલાય' એ હકીકતને પણ ધ્યાનમાં રાખી એ નમુનાઓ આપણે તપાસવા જોઇએ.

વિક્રમના ૧૬મા શતકની ભાષા : કેટલાક નમુના

સંવત ૧૪૫૪ના ઈડરીઆ ગઢના રણકેસરી રણમલ્લના વીરરસથી ભરપુર પવાડાની શ્રીધર વ્યાસની ભાષાની મૂર્તિ આપણી નજર આગળ આપણે લાવીએઃ

છપ્પય

"હિવ કિર ભાલપહારિ ધાર ગઢ ગાહવી છંડૂ.
કસબે-કડી કિવાણુપટ્ટી કિલવાયણુ ખંડૂ.
ભુજબલિ ભક્ષઈ ભિડિઅ ભરી ભય ભરુયચિ પઈસૂં.
ધરી અ ખંભાઈચ્ચ અસુરસિરિ ચંપવિ બઈસૂં.
પ્રલણિગમિ પટ્ટણિ પટ્ટ કરી ધગડાયણ ધંધલિ ધરંજ.
ઈડરવઇ રા રણમલ્લ કહિ 'ઇક્કછત્ત રવિતલિ કરૂં" ૭૦

(શ્રીધર વ્યાસ : રણમલ્લ છંદ : સં. ૧૪૫૪)

સં. ૧૪૫૪ની જુની ગુજરાતી ભાષાના આ અપભ્રંશની દુહિતા સમોવડા તાજા અવતારના ખડબચડા સ્વરૂપમાં સંતાયલા સ્વરૂપની રેખાઓ પાછીથી વધારે સ્પષ્ટ થતી જાય છે. લાટ દેશની રસિકતાને વસંત વિલાસમાં છલોમલ ભરનાર અજ્ઞાત કવિ ત્યાર પછી કેટલેક વર્ષે આપણી ખીલતી ભાષાસુંદરીના સ્વરૂપના કૈંક સ્ફુટ દર્શન કરાવે છે. આ પ્રાચીન વસંતકવિની કાવ્યવાણી એ આપણી તે સમયની કવિતાની બની શકે તેવી સુકુમાર ભાષા છેઃ

"પહુતીય તિહુણી હિવ 'રતિ વરતિ; પહુતિ વસંત.
દહ દિસિ પસરઇ પરિમલ; નિરમલ થ્યા નભ અંત. ૨
શીત ગિઉ હિમવંતિ; વસંતિ લિઉ અવતાર.
અલિ મકરંદિ મુરિઆ; કહુરિઆ સવિ સહકાર. ૩

મયણુ તણ્ણા ગુણુ મહમહ્યા, મહમહ્યા મહુ મહકાર.
ત્રિભુવનિ જયજયકાર પુકારઈ પિક અપારિ. ૪
પદ્મિની પરિમલ બહિકઇ. લહિકઇ મલયસમીર.
મયણુ જિહ્નાં પરિપંથી, પંથી ધાઇ અધીર." ૫

(અજ્ઞાત કવિ: વસંતવિલાસ સં. ૧૫...)

પહુતી', 'દહ', 'દિસિ', 'થ્યા', 'સવિ', 'પુકારઇ', 'મયણુ' વગેરે શબ્દોદ્વારા ગુજરાતી ભાષાએ પોતાની જનેતાના શબ્દોને સાચવી, વચમાંના પ્રાકૃત અને અપભ્રંશનાં લક્ષણો ધારણ કરી પોતાનું ભાષાજીવન ધારી રાખ્યું છે.

આ પછી નરસિંહ મહેતાનો એક પ્રકીર્ણ નમુનો લઇએ:

"વદન સુકુમલ, તારી ચાલને ચમકે મોહીરે, સુંદરી ! દેખાડો ચાલીરે;
તમ વિના ઘડી એક ન રહી શકું હૃદયા ભેતર તાપ ચાલી રે. ૧
આણે મારગડે જાતાં શેરીએ સામું જોયું રે;
જે વારે ઘુંઘટ આઘો તાણ્યો તે વારે મારૂં મન મોહ્યું રે. ૨
જેને જેશું પ્રીતજ હોયે તે તે સામું જોયે રે;
નરસૈંયાચો સ્વામી ભલે મળીઓ તમ સમોવડ નાહીં કો એ રે. ૩

(નરસિંહ મહેતા: શૃંગારમાલાનાં પદો: સં. ......)

સપ્તમીના 'ઇ' પ્રત્યને બદલે 'એ', ભાલણ 'જવારા વાપરે છે તેને બદલે 'જે વારે' એમ આધુનિકતાના રણકારા નરસિંહની તે વખતની વાણીમાં નહીં પણ તે પાછળથી લોકપ્રિયતાની શુદ્ધિએ ગજાવ્યા છે. 'ચા' પ્રત્યયનો મરાઠીનો સંપર્કસંસ્કાર એમાં ચાલુ રહ્યો છે.

હવે ભાલણ જોઇએ:

રાગ પરજીઓ

"સુંદર શ્યામજી હો ! માહારા દુઃખતણો નહીં પાર.
પ્રીછા તહ્નો પીતાંબર બલીઆ બલીઆ બહુ ભરથાર ! ૧
શુદ્ધ અગ્નિકુંડથી ઊપની વૈરાટતણી થઈ દાસી.
ભોગવા વીણુ નવ છુટીએ કરમ કઈ જે નાસી. સુંદર. ૨
કેએ કીચકે ઝાલી ઘસરડી સભાં માંહે મારી રે.
જુધિસ્ટર તે જોઈ રહ્યા પણુ તેહેને ન સકા વારી રે. સુંદર. ૩
ભીમસેનને જઇ કહૂં દુષ્ટે હૂં સંતાપી રે.
પાછે માહારે કુક કરીને રાતે મારો પાપી રે. સુંદર. ૪

બાંધી કાઢી બાલવા રાતિ સારંગપણિ રે !
તોહે પણ નથી નીસરો, પાપી મારો પ્રાણી રે. સુંદર. ૫

(ભાલણ : કૃષ્ણવિષ્ટિ : સં. ......)

ભાલણની આ ભાષા લોકપ્રિયતાને હાથે કાદંબરીની ભાષા કરતાં વધારે સંસ્કારાઈ હશે. છતાં તેમાં 'દુષ્ટે હૂં સંતાપી' એ જુનો પ્રયોગ અને અધિકરણાર્થ સપ્તમીનો 'ઇ' પ્રત્યય 'રાતિ'માં સચવાઇ રહ્યા છે.

આ પછી પદ્મનાભનું તે કાળનું યથાર્થ ભાષાસ્વરૂપ સાચવી રાખનાર ઐતિહાસિક કાવ્ય લઇએ:

"એક પનુતી હો બગલડી જી, તેહચા પ્રેમ અપાર;
પિયુ પોખઇ પાવસિ ચડી જી, સુખ લીઇ સંસારિ. ૨૩૪
કઇ મઈ મન્મથ દુહવિઉ જી, કઇ હું નિર્ગુણ નારી;
પિયુ પરદેસણી વીનવઇજી, આપિ આપ સંભારિ. ૨૩૫
દિવસ દોહિલા હું નીગમું જી, રયણિ ઘણેરી થાઇ;
વિરહવેદના માહરી જી, પિયુ વિણ રહણું ન જાઇ. ૨૩૬
જુ જલહીણી માછલી જી, જીવઈ નહિ જન માંહી;
કંત વિહૂણી કામિની જી, તિમ તિમ ખીણી થાઈ." ૨૩૭

(પદ્મનાભઃ કાન્હડદે પ્રબંધ: ખંડ ૩: બાદશાહજાદીનો વિલાપ. સં. ૧૫૧૨)

'તેહચા', 'પોખઇ', 'પાવસિ', 'દુહવિઉ', 'જુ' વગેરે શબ્દ-પ્રયોગો તેમજ આખા ગીતની ભાષાનો રણકો બહારની ડખલગીરીથી બચેલો તે સમયનો શુદ્ધ રહી ગયો લાગે છે, અને નરસિંહ કે મીરાંની ભાષામાં જે આધુનિકતાના સુરો આપણે સાંભળીએ છીએ તેમનાથી આ સુરો જુદાજ પડી જઇ તે સમયની ભાષાના સ્વરૂપની આપણને પૂરેપુરી ઝાંખી કરાવે છે. આ પછીની બેજ વર્ષ પછીની મતિશેખરકૃત ધન્નાચરિત્ર એ કૃતિના 'અનઇ' વગેરે પ્રયોગો પણ ઉપરનીજ ભાષાને અખંડિત જાળવી રાખે છે:

"ચોર અનઇ ચેલક ઘર તણા દુજણ વિનજ વિપ્ર પ્રાહુણા;
વેસ્યા ધુત રાય એ સહી પીડ પયારિ જાણઇ નહીં."

(મતિશેખર: ધન્નાચરિત્રઃ સં. ૧૫૧૪)

આ પછીની જૈનકૃતિમાં પણ બહુધા તેજ સંસ્કારો દૃષ્ટિગોચર થાય છે:

"શ્રી મૂલ સંઘ અતિ નિરમલો, સરસતિ ગચ્છ ગુણવંત.
શ્રી સકલ કીરતિ ગુરુ જાણીઇ જિણસાસણી જયવંત. ૧
તાસ પાટિ અતિ રુયડા શ્રીભુવન કીરતિ ભવતાર.
રત્નત્રય કરી મંડીયા ગુણહ તણા ભંડાર. ૨
તે મુનિવર પાય પ્રણમી નિ કીયો રાસ સાર.
બ્રહ્મજિણદાસ ભણે રુયડો, પઢતાં પુણ્ય અપાર. ૩
સિષ્ય મનોહર રુયડો, મલ્લિદાસ ગુણદાસ.
પઢો પઢાવો વિસીરો, જિમ હોઈ સૌખ્ય અપાર. ૪
ભવીયણ જીવ સંબોધવા કીયો રાસ એ સાર.
અનેક કથા ગુણિ આગલો દયાતણો ભંડાર. ૫
સંવત પનર વીસોતરા વૈશાખ માસ વિસાલ;
સુકલ પક્ષ ચઉદિસિ દિને રાસ કીયો ગુણપાલ." ૬

(બ્રહ્મજિનદાસ : હરિવંશરાસ: સં. ૧૫૨૦)

સોળમા શતકની પ્રથમ પચ્ચીશી આમ આપણી જુની ગુજરાતીના સ્વત્વને સાચવી રાખી એનો અંતર્ગત વિકાસ સાધતી પુરી થાય છે.

બીજા ચરણને આરંભે પદ્મનાભની ભાષાનોજ રણકો પાડતી કર્મણમંત્રીની સીતાહરણની ભાષા છે. એ જોઇએ:

"વદન કરિ લેઇ કામિની, નયણિ વિહિ છઈ નીર.
તતખિણ વાનર ઊતર્યું, જઇ પાય લાગુ વીર. ૧૯૮
'રામલક્ષ્મણિ મોકલ્યુ હૂં. જાનકી! તૂં જોઇ.
કમિં તુમ્હારઇ કટક આવ્યાં. માતા! તૂં મા રોઇ. ૧૯૯
ક્ષુધા લાગી અતિ ઘણી; ભૂખ ભંજુ આજ.'
'પડયાં વનફલ ભક્ષિ કરજ્યો, દુષ્ટ દાણવરાજ.' ૨૦૦
વચનુઇ હૂં વેગરૂં' આમૂલ લઇ છઇ વૃક્ષ.
માલી પાડી ભૂંબડી આવિઉ પ્રત્યક્ષ." ૨૦૧

(કર્મણ : સીતાહરણ. સં. ૧૫૨૬)

આ અવતરણના 'વિહિ,' 'છઇ', ('અછઈ'નું આ સમયે 'છઈ' થયું દેખાય છે) 'રામલક્ષ્મણિ હૂં મોકલ્યુ' 'તુમ્હારઇ' આ શબ્દો અને વ્યાકરણના પ્રયોગો અણબદલાતાજ ચાલ્યા આવે છે.

આ પછીના પાંચ વર્ષ પછીની એક કૃતિ લઇએ:

" × × × ×

રાજભવન આવ્યુ ભૂપાલ, મયણસુંદરિ બોલાવી બાલ.
કર્મ તુમ્હારિ આણ્યુ આજ, આ અંબર પરણુઉ વરરાજ. ૨૫
જવ આદેશ હૂઉ નરનાથ, તવ કુઅરીઇ ગ્રહીઉ કુષ્ઠી હાથ.
હિઇ ચડઉ ઉજેણીનાહ, ચિહુ કલસે કીધુ વિવાહ. ૨૬
એક નંદઇ પંડતનુ ભણ્યું, એક નંદઇ ધર્મ અરિહંતહ તણું.
એક કહિ એ બૂંડી માઇ. એક કહિ એ વરાસઉ રાઉ. ૨૭
લાખ લોક ઇમ બોલિ વયણુઃ વાયસ કોટિ બાધું રયણુ.
કુષ્ઠી પેહૂ હરખઉ બહૂ. ઉતારિ લેઇ ગયા વહૂ." ૨૮

(જ્ઞાનસાગર : શ્રીપાલરાસ : સં. ૧૫૩૧)

ભૂપાલની નાન્યતર જાતિ, 'મયણસુંદરિ', 'તુમ્હારિ', 'પરણુઉ', 'ઉજેણીનાહ', 'ચિહુ', 'વયણ', 'રયણ' વગેરે પ્રયોગો અને શબ્દોએ ભાષાની પ્રાચીનતા સાચવી રાખી છે.

આ પછીના અવતરણોમાં પણ એજ ચાલ્યું આવતું સ્વરૂપ આપણે જોઇએ છીએ:

"સીલ પસાઇ સુખ ભોગવઇ, સીલજ નરનારી યોગવઇ;
તેહનઇ જસ આવઇ ઇહ લોક, સ્વર્ગ સીધી પામઇ પરલોક. ૫૬
જીવી મયનરેહ રાખવી, જીણ સાસણી મહિમા દાખવી.
સા નીતુ મયણરેહ મહાસતી, કરો મંગલીક જયવંતિ સતી. ૫૭
શ્રી ઉવએસ ગછ ગુરરાય, કક્કસૂરિ તસ પદિ બિઆય;
સાંપ્રતિ દેવગુપતી ગણધારા તેહના ગુરણા વચન આધારા. ૫૮
પનરસઇ પાંત્રીસઇ વરસી એ પ્રબંધ કીઉ મનનઇ હરસિ.
વાચક મતિશેખર ઇમ ભણઇ, ભણઇ ગુણઇ ને સહૂ સુખ લહઇ." ૫૯

(મતિશેખર : મયણરેહાસતીરાસ. સં. ૧૫૩૫.)

"એહ પરિહાસ કહનઇ કહૂં? 'વાડિ ચીભડાં ખાઇ.
યુક્તિ કરી નઇ પ્રીછવૂં, બીજું નથી ઉપાય.
× × × ×
દેહી યદા કરઇ પ્રયાણ ખડમાંકડી તણી પરિ જાણિ,
ચરણ આગિલા આઘા ધરઇ, તુ પગ પાછિલા ઉદ્ધરઇ.
× × × ×
બોલઇ બોલ સોહામણા, મન માંહિ બહૂ પાપ.
લીધુ વિરાંસઇ દોરડું બોલા ઉપરિ સાપ.
× × × ×

સમ્રાટ હૂં વિરાંસી મૂલ, પેટ મસલી ઊપાયૂં શૂલ.
મારણિ આવી, પામી મૃત્ય, ચૂડી ઘર તણાં તે ધૂવ.
× × × ×
મુક્તિપંથ કેરું સોપાન, તાહરી ભક્તિ ત્યજઈ અજ્ઞાન,
સાલિકુકસા ખંડન કરઈ, તેહેનઈ એક કલેશ ઊગરઈ.
× × × ×
સઘલા સુભટ દેવરાવ્યા માગ, જાણે ડાકરિનઈ ધરિ વાઘ !

(ભીમ : હરિલીલા ષોડશકલા : સં. ૧૫૪૫)

સંવત ૧૫૪૧ ની ભીમ કવિની કૃતિએ પણ ભાષાનો જુનો ચીલોજ ચાલુ રાખ્યો છે. ભાલણની પેઠે આછો પણ કહેવતોનો ઉપયોગ ભીમની કવિતામાં કરાયલો જણાય છે અને એ બીજ માંડણ અને શ્રીધરમાં બેહદ ઉગી નીકળેલાં જણાશે. એક નમુનો વધારે:

" × × × ×
નયર ઉજેણી અતિ ભલૂં જિસ્યૂ હુઇ અમરાપુર.
રાયા રાઉ અવંતીસેન, મંત્રી મતિસાગર. ૩
વસઈ વાસિ વ્યવહારીઉ એ નામિ ધન સાર.
રંભા ઘરણિ થૂં મનહરંગી વિલસઈ સ વિચાર. ૪
સપન લહઇ તે ચતુર નારિ કાંઈ કેતલી રાતિ,
જિણવર નામ જપી કરી ઊઠી પરભાતિ. ૫
સ્વામિ ! સંભલિ વાત એક કહિતાં અતિ મીઠી.
જાણીઉ સુહુણઇ અમૃતવેલિ મઝ ઉદરિ પઇઠી. ૬
ઇશે મનોરથિ ગરભ ધરિઉ જવ હુવા નવ માસ;
પુત્રી પ્રસવી તીણિ કરી મનિ પૂગી આસ. ૭
મૃગાંકલેખા દિઇ નામ વાધઈ સા બાલી.
ચઉસઠિ કલા કુશલ હુઇ, અંગિ અતિ સુંયાલી." ૮

(વચ્છ : મૃગાંકલેખારાસ : સં. ૧૫૪૬)

'નયર', 'વ્યવહારીઉ', 'ઘરણિ', 'કેતલી', 'મઝ', 'પૂગી', 'સા' આ સૌ શબ્દો જુની ગુજરાતીના જ ચાલુ રહ્યા છે.

અહીં વિક્રમની સોળની સદીનો પૂર્વાર્ધ પુરો થાય છે. ઉષાહરણકાર જનાર્દનની ભાષા પણ આ શતકની ચાલુ ભાષા છે:

" ઉષા ! પ્રતિજ્ઞા નવિ લીજઇ રે, સહીયરનૂં તે વાર્યૂં કીજઈ રે.
સહીયર કહે મન માણુ રે, વર ઘરથી નથી જાણ્યું રે.

સહણુઈ તે લાખ બંધાઇ રે, તે વિહાણુઇ મિથ્યા થાઇ રે.
જનાર્દન ભણુઇ ઉષા બોલી રે; તુહની રક્ષા કરઈ હિંગોલી રે.
તો મનિ નવિ આણે તાપ રે, ઉમાશંકર શિર માયબાપ રે.

(જનાર્દન : ઉષાહરણ : સં. ૧૫૪૮)

આ પછી આ સદીના બીજા અર્ધનો ભાષાવિકાસ આપણે જોઇએ. 'ગૌરીચરિત્ર'ના કર્તાને રાવણ મંદોદરીસંવાદનો કર્તા ગણી આપણે એની ભાષા તપાસીએ. ગુજરાતી પ્રેસની સંશોધેલી આ કૃતિમાં ભાષાને અનૈતિહાસિક દૃષ્ટિએ સંસ્કારો આપેલા આપણે અહીં જોઇએ છીએ. 'મધવન્' ઉપરથી શુદ્ધ પ્રયોગ 'મેહવો' મુકી અતિ સંસ્કારેલો (?) 'મેશ્વો' પ્રયોગ ગુજરાતમાં આપણને જાણીતો છે. આમ એક શ્રીધરના બે કાવ્યોની ભાષામાં લહીઆઓએ કે વિદ્વદ્ભૂષણ સંશોધકોએ ઘાણ વાળ્યો જણાય છે. ગૌરીચરિત્રની અર્વાચીનતા અને રાવણમંદોદરીસંવાદની પ્રાચીનતા નીચેના ત્રણ નમુનાઓ વાચકોને સુસ્પષ્ટ કર્યા વગર રહેશે નહીં:

"સમયો રાય રતિ કેરડો નિજ સાથ લેઈ વસંતને;
વાય શીત સમીર રૂડો આણે પુષ્પસુગંધને.
હંસ સૂડા રૂપે રૂડા કોકિલા કલરવ કરે,
મોર મેના મધુર બોલે કામીજનનાં મન હરે.
મુચકુંદ ચંદન બાવના મંદાર માલતી કેતકી
નાના ભાત સુગંધ સાથે બીલી ગાયે હેતથી.
પેર પેર પિઉશું પ્રીત માંડે જાણે રખે મન એનું નવ ચળે;
પાર્વતી મનશું મતિ વિચારી વિજયા વાવે પાખવે."

(શ્રીધર : ગૌરીચરિત્ર : સં. ૧૫૬૫)

"ગાય ઈશ્વરચરિત્ર ગૌરી, સાંભળે સહજે કરી;
તેનાં પિંડ પાતક જાઇ પુણ્ય થાય માઘ મર્જન સરસ્વતી. ૩
સરસ્વતી સાયર નીર નિર્મળ, સોમશિરે ધારા ઢળે;
પુણ્યતણા પ્રભાવ વાધે, જે કો ગાયે સાંભળે. ૪
શીધર સ્વામી ચરિત્ર શિવનાં, ભાવે ગાતાં સાંભળે;
મન મનોરથ પૂર્ણ હોયે કૈલાસપતિ પ્રેમે મળે." ૫

(શ્રીધર : ગૌરીચરિત્ર : છેવટ : સં. ૧૫૬૫)

મંદોદરી—"છાકમ કરિ ઉપરિ મહીયલી, સીતા સવિ ગંગા નિર્મલી.
અહિલા ! ગંગોદક કિમ સડિ ? રુદ્ર કલસિ કિમ પૂરા પડિ ?

સપ્તમી શક્તિ શિરોમણિ સતી, તેહને રજ કિમ લાગે રતિ ?
બીજા વહિરઇ બીજ મયંક, વિરોધ્યા વિણુ કિમ ચડી કલંક ? ૧૯૮
રાવણુ–કલંક કસિઉં કામિનિ રેસ ? લાગો કર જિહાં લંકનરેશ.
જે જલ ગંગા ભીંતરિ ભલઈ, તે સિરિ સોમનાથ નઈ ઢલઇ.
પાવક સંગ કરિ સરપણું, કહાવિ મુખ તેત્રીસહ તણું.
ન્યા નરપતિ દા પાસિ પડિ, ગહિલી ! ગોઝ ન ગિરુઆ ચડિ." ૧૯૯

(શ્રીધર : રાવણુમંદોદરીસંવાદ : સં. ૧૫૬૫)

શ્રીધરના રાવણુમંદોદરીસંવાદની અને માંડણુના ઉખાણાની પ્રાચીન ભાષાવિષયક લઢણુ બંન્ને કવિઓના અવતરણોથી જણાઈ આવે છેઃ

" દક્ષ અહંકાર તણાં સાંચર્યા, જન્મ કોડિ પાતક પરવર્યા.
મોહબાણુ મેલ્હિ અતિ ઘણાં રાખિન ચરણુ શરણુ તહ્મ તણાં.
નારાયણુ નામિ, થ કીયૂં ? 'વાઇ વાદલ' યમ ઠેલીયૂં. ૧૯
શંખ તણઇ બલિ શંખ જ રહિ, તાહરી માયા તૂંહજ લહઇ.
શેવ કરંતાં સુધુ કાય, મઝ મન રાખિન તોરે પાઈ.
કહિ મંડણુ અહ્મચા નૃપ હોય, સ્વામિ વિના કુણુ સાહમું જોઈ ?" ૨૦

(માંડણુ : ગૃહસ્થાશ્રમવીશી : સં. ૧૫...)

આ પછીના લાવણ્યસમયના વિમળ પ્રબંધ (સં. ૧૫૬૮)ની ભાષા તો આપણી આગળ ખુલ્લા પુસ્તક જેવી અણીશુદ્ધ સંરક્ષિત આપણે જાણીએ છીએ. સ્થલને અભાવે એના અવતરણોની જરૂર નથી. એક બીજો કવિઃ

" હરણી તું મરણી થઇ સિંહ ઉપરિ આવિ,
તાકી મારશિ તીર કિઈ સદનિ પાછી સિધાવિ.
કુસુમ મ કરમાઇ જસિઉ તેપ મ છંડિ તંબોલ,
પરિમલ પરિહર તુ રખે ચોપટ ચંદન ઘોલ."

(નરસાસુત ગણુપતિ : માધવાનલ કામકુંદલાદોગ્ધક : સં. ૧૫૭૪)

સં. ૧૫૭૪ ની ગણુપતિની ભાષાના સંસ્કાર પણુ જુની ગુજરાતીના જ સંસ્કાર છે. આમ જુના સંસ્કારોથી પોષાતા સ્વરૂપમાં સોળમી સદીનો પોણો ભાગ વીતી જાય છે.

આ પછી છેલ્લા ચરણુના ભાષાવિકાસના બે નમુનાઓ લઇશું. બંને જૈનકૃતિઓના નમુના છે અને એમણે તે કાલની પ્રચલિત ભાષાને ખાસ વફાદારીથી સાચવી રાખી છે. એ નમુના જોઇ લઇએઃ

" બિ કીજઇ જઇ કિમઇ કલત્ર, મનસા હોઈ સહી વિચિત્ર.

ઇક આવી ઇક પાછી કરઇ તિણિ પાપઇ નર ગૂડા ભરઇ.
ઇક ઘરણી તાં ઘરની મેઢિ; બીજી હુઇ તઉ વાધઇ વેઢિ.
ઘરની કલિ કુણુ આગલિ કહઇ ? ચોરમાઈ જિમ છાનઉ રૂઆઈ.
એકઇ સંખ્યા ઊગિઉ સૂર, બીજીઈ મિલિઉ રુલિઉ ભૂર.
એકઈ બીજઇ શશી ઉગિઉ, બીજી બીજઇ તે ખય ગિઉ."

(જયશેખરસૂરિઃ પ્રબોધચિંતામણિઃ સં. ૧૫૮૧ આશરે[૨૪])

"શ્રી જિનવર ચરણયુગલે પ્રણમેસુ !
સુગુરુનામ હિયડઇ સમરેસુ !
કહઇસુ સંખેપિઇ આરાધના ભાવિક જીવ સુખસાધના;
ઉત્તમ નર જે કરઇ ત્રિકાલ એ આરાહણુ ગુણુ સુવિસાલ.
વિનય સહિત મેલી કર ભાલ છીય ન સક્કઇ તેહનઇ કાલ.
જીવતવ્યની મ કરિસિ આસ. સાસતણુ કેહુ વેસાસ ?
ખિણિ ખિણિ આવઇ ખિણિ ખિણિ જાઈ, જતન કરતાં થિર ન થાઈ.
જમ્મણુ મરણુ અનંતીવાર, કીધાં કાંઇ ન આવ્યુ પાર.
આરાધન સૂધી નહુ કરી તિણિ નહુ પામી નિવૃત્તિ પુરી.
દુલહ લહી માણુસભવસાર ઉત્તમ શ્રાવકકુલિ અવતાર
શ્રીજિનધર્મ સુગુરૂ મુખિ સુણિઉ તેહથી અવિરતપણુ
અવગણિઉ."

(વિજયસૂરિ : આરાધનારાસ : સં. ૧૫૯૨)

ખિ', 'કિજઇ', 'કિમઇ', 'ઇક', 'તિણિ', 'ચોરમાઇ' વગેરે વગેરે પહેલા નમુનાના શબ્દપ્રયોગો તથા 'પ્રણમેસુ', 'હિયડઇ', 'આરાહણુ', 'સક્કઇ', 'વેસાસ', 'ખિણિ', 'દુલહ' વગેરે બીજાના શબ્દો આ ભાષાને સંવત સોળમા શતકના નરસિંહયુગની ભાષા પુરવાર કરે છે. આ પછી નાકરયુગ બેસતાં જુની અસરો ધીમે ધીમે ગરી પડે છે. નાકર પછીના પ્રેમાનંદ યુગમાં તો આપણી ભાષાનું સુંદર અને સરસ પરિપાકભર્યું સ્થિર અને સિદ્ધ સ્વરૂપ આપણે સંપૂર્ણતાથી પામીએ છીએ.

માંડણુ અને શ્રીધરની ભાષા

માંડણુ અને શ્રીધરની ભાષા આમ નરસિંહયુગની જુની ગુજરાતી

---

૨૪ જુઓ દી. બ. કેશવલાલ ધ્રુવનાં ઈ. સ. પંદરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્યની પ્રસ્તાવના: પૃષ્ઠ ૨૩: "—તેજ આ ગુજરાતી પ્રબોધચિંતામણિ છે. એને હું ઇસવી પંદરમા શતકના પહેલા ચરણમાં મુકું છું."

ભાષા છે. આ કવિયુગે એક જ યુગમાં અને લગભગ એક જ સમયમાં પ્રચલિત દેશકાલના સંસ્કારોથી એ ભાષાને સંસ્કારી છે. એમના સમયના ગુણદોષો એ ભાષામાં સરખે ભાગે દેખાઇ આવે છે.

પદ્યબંધમાં છંદનો ઉપયોગ

બંને કવિઓએ એમના પદ્યબંધમાં ચોપાઇ છંદનો ઉપયોગ કર્યો છે. આ વીશે આગળ કહેવાનું હું કહી ગયો છું.

ઉપકારદર્શન

માંડણ અને શ્રીધરના આ આપણી જુની ગુજરાતીના કાવ્યપ્રદેશમાં વિચરવાની અને તે ઉપર સમજુતી અને પ્રસ્તાવના દ્વારા એક બાજુએથી કૈંક આછો પ્રકાશ પાડવા દેવાની મને ઉદાર ભાવે સગવડ કરી આપનાર મુંબાઇની વિદ્વાન ફાર્બસ ગુજરાતી સભાનો મારે સૌથી પહેલો આભાર માનવો જોઇએ. સ્વર્ગસ્થ મણિલાલ વ્યાસની આદરેલી આ અધુરી રહેલી જુના સાહિત્યની સેવા કરવાનો મને પ્રસંગ મળ્યો તેથી જ આ બંન્ને કવિઓની કૃતિઓ ઉપરાંત ઘણી પ્રકાશિત અને અપ્રકાશિત જુની ગુજરાતીની સાહિત્યકૃતિઓ હું જોવા પામ્યો. જુની ગુજરાતી સાહિત્યકૃતિઓમાં તદ્ભવ અને દેશ્ય શબ્દોનો અપાર સાગર ભરેલો છે. આ અજાણ્યો સાગર ખેડવામાં મારા જેવા નવીન ખલાસીને માટે કેટલું જોખમ ભરેલું છે તે હું સારી પેઠે જાણું છું. સંસ્કૃતની અગણિત સંસ્કારોવાળી પુત્રી, તેના ઉપર મધ્યકાલની પ્રાકૃત અને અપભ્રંશની સંસ્કારપરંપરા અને એ રીતે પ્રાચીન, માધ્યમિક અને અર્વાચીન સ્વરૂપ પામેલી ગુજરાતીની શબ્દવિદ્યાના અક્ષુણ્ણ મહાસાગરમાં સફર કરવામાં દી. બ. કેશવલાલભાઈ ને નરસિંહરાવભાઇ જેવા કુશળ કેવતકો ન હોય તો આપણી પ્રિય જુની ગુજરાતીના કોડીલા અભ્યાસકોને કેવી કેવી મુશીબતો નડે તે સહજે સમજાય એવું છે. જુની સાહિત્યકૃતિઓની કાંચી ધાતુ જેવી ઉપલબ્ધ અને અનુપલબ્ધ નહીંજેવી સામગ્રી, સાધનોની ગેરહાજરી, સાહાય્ય કરનારા શબ્દકોષો કે શબ્દસંગ્રહોનો અભાવઃ આ અને આવી મુશીબતોની પરંપરામાં થોડી પણ દ્યોતક દીવાદાંડીઓ જેવી વિશ્વાસપાત્ર જુજ સાહિત્યકૃતિઓ એની હોંસ જવલંત રાખે છે. આવી કૃતિઓના કર્તાઓનો હું ઉપકાર માનું છું. પણ દીવાન બહાદુર કેશવલાલભાઈની પહેલેથી છેવટ સુધીની સળંગ મદદ અને કીમતી સૂચનાઓ તો મને આ નમ્ર પ્રયાસમાં બહુજ મદદગાર નીવડી છે. મારા પર વર્ષોથી ગુરુવત્સલતાના ઉભરાતા પ્રેમભાવથી પ્રેમાળ એવા એઓશ્રીએ જ્યારે ને ત્યારે [illegible]

કલાકો ગાળી મારી ઘણીએક મુંઝવણો ઓછી કરી છે. એ માટે એ જુની ગુજરાતીના જરા જીર્ણ અને પૂજ્ય સાક્ષરશિરોમણિનો હું કેટલો બધો આભાર માનું ? વળી સોસાઇટીની પ્રતોએ મને અનેકવાર ઉપયોગ કરવા દેનાર ને કીમતી સૂચનાઓ આપનાર મારા સાહિત્યરસિક મિત્રોમાંથી રા. હીરાલાલ પારેખ, રા. મંજુલાલ મજમુંદાર તથા અધ્યાપક ગજેન્દ્રશંકર પંડયાનો પણ હું ઓછો આભારી નથી. સભાના સહમંત્રી મારા મિત્ર રા. અંબાલાલ જાનીનો તો મારે ખાસ ઉપકાર માનવો જોઇએ. એમનાં વખતો વખતનાં પ્રોત્સાહનો અને ઉઘરાણીથી જ હું આ કાર્ય આટલું મોડું છતાં પુરૂં કરી શક્યો છું.

મારા આ રંક પ્રયાસથી આ બન્ને કવિઓના અભ્યાસીઓને હું જરાએ મદદગાર થઈ શકીશ તો મારા શ્રમને હું કૃતાર્થ લેખીશ. મારાં ઘણાંએક શંકાસ્થાનોનાં તેમ જ ત્રુટીઓનાં સમાધાનો આપણા સાહિત્યરસિકો તરફથી આવે એમ ઈચ્છુ છું અને એમ થશે તો આ કૃતિઓના પુનઃમુદ્રણ પ્રસંગે એમનો હું ઉપકાર સાથે ઉપયોગ કરીશ.

ગુજરાત વિદ્યાનિકેતન,
ડભોડા, (મહીકાંઠા)
તા. ૨૧-૯-૧૯૨૯.

શંકરપ્રસાદ છગનલાલ રાવળ

પ્રબોધ બત્રીશી

અથવા

માંડણ બંધારાના ઉખાણા.

ભક્તિ વીશી. *

આગઇ કવિઆ મોટા કવિ, જે બોલઈ તે વાણી નવી.
ગંગા અતિઘણું પૂરઇ વહઇ, ચકતિ આપણી જલ સંગ્રહી.
ગુણસાગર એ ભરીઆ તોય, 'ચોરી ભાગિ મુંધી ન હોઇ'.

મૂરખ નઇ મતિ દીજઇ કિસી ? હીઇ ન જાણઇ કાંઇ ઉલસી,
જેતા અવગુણ તેતા ગ્રહઈ, ગુણની વાત ન એકુ લહઇ.
મનિ જાણઇ 'મારઇ છે ગંખ,' 'બહિરા આગલી વાયુ સંખ'. ૨

જિણ સાંભળવા શ્રોતા મિલ્યા, જાણે 'તિલ કોદવમાં ભલ્યા'.
'તેહની વચિ ન ધાણી હોઇ', 'વાંચિ વ્યાસ ન બૂઝઇ કોઇ'.
ઇમ કરતાં તે નવિ છૂટીઇ, 'સેવંતરાં સાંગિં કુટીઇ'. ૩

ભૂત પ્રેત વૈતાલ પિસાચ, તે પૂજ્યઇ સ્યું દીઠું સાચ !
પર ભવિ ભૂખ્યા તે વનિ ફિરઇ, તુ તુમ્હારા દુખ કિમ હરઇ ?
'ગોત્રજ ગહીઆણાની કહઈ', ચણનું તિલક'ભાર કિમ લહઇ ! ૪

ભગત હીન નર વાંછઇ ઘણું, સુકૃત કર્મ નહી પોતાતણું,
'વલોઇ નીર વાંછિ ઘૃત સેર', 'સાંખઇ નવ નઇ ગૂટઇ તેર'.
'દૂબળો ઢણુણી કરસણ કરઇ, બીજ ભાતથી બિમણું વરઇ'.
'ખેડઇ ભઇ પોગલી ખેત્ર, ખડહડ લિખિ નઇ આહમિ વેલિ'.

---

* આ વીશીની શરૂઆતનું એક પાન ખૂટક હતું. તેમાં સાત ટુંક હતી. ખોળતાં ખોળતાં ડગલીઆના ભંડારમાંથી ઉખાણાંનાં થોડાં પાનાં મળ્યાં. તેમાં આજ ગ્રંથના ઉખાણા હતા, તેથી ખૂટતા હતા તે તેમાંથી ઉતારી લીધા છે.

ઇમક કરતાં ડાંણીગણુ ચડું, ' દુબલી વાઢિ ઝીંડું પડું '. ૫
એક સાહ નઇ બીજુ ચોર, સાહ સૂંઆળુ ચોર કઠોર.
મલી ગોઠિ નિં ચઉહટી ચડયા, લોક લાખની દ્રષ્ટિ પડયા.
ચોર સાહનિ સંગતિ જોઇ, નગરતલારિં સાલા હોય'.
રાય રૂઠો સાહ કિમ ઉગરઇ ? ' સૂકઇ બલતાં નીલું બલઇ' ૬
રૂડું કરવા હીંડઇ સહુ, જાણુઇ વાધઇ મહોતજ બહુ,
કાંઇ ઉપરાજી રાખું નામ, મોટાં મોટાં કીજઇ કામ.
ચ્યાર પાંચમાં મોટા થાઇ, ' ગ્રથ વિના ખોલા પથરાઇ.'
ઇમ કરતાં ઘર આંપટ બિઠું, ' બિલાડી કાઢતાં ઉંટ પઇઠું". ૭
સિર તણા સમારઇ કેસ, આલ્યાનુ ન કરઇ અપદેસ.
' ચુરઇ બઇઠા ચવાસી કરઇ, ઘરમાં રાંડુ ભૂખિ મરઈ. '
ફોકટ બોલ ત્યાંહાં બોલઈ ઘણા, તે નર ' ઠાલા નઇ વાજણા'. ૮
વિધિ પખિં હોમ કર્યા નરિં ઘણા, જાંણ્યૂં વીર હસિ આપણા.
વિણુ કિયાં ધરિ ' જ્યંઠૂં મૂલ, ' ' પેટ ચોલી ઊપાયૂં સૂલ'. ૮
મંત્ર અપાસિ મ આપ વિગોઈ, ' લેતાં નવિ મૂકતાં નવિ હોઈ',
' સપં વિરાંસિં સુઇ'હરિ ગલઈ, મેલ્હૈ આંખિ લીખઇ તનુ ટલઇ '
' રાંણીશું સહીયાં માંડીઈ, હેલી બાઈ કહિતાં ઢ'ડીઇ. ' [illegible]
ફોકટ મંત્ર નઈ ફોકટ દેવ, ફોકટ માટઇ માંડી શેવ.
' નાગા ચોર તલારહ જોઇ, ' ' ફોકટ પંચાં કુડસુ.' હોઇ.
ચેલા ચૂક ગોપ સાંમદુ, ' સસરૂ અંધ નઇ વહુ સરગદુ.' ૧૪
હરિભક્તિ શ્રી સુખ સાંપડઇ, હરિભક્તિ યશ મોટા ચડઇ,
હરિભક્તિ નર નિર્વિંઘ હોઇ, હરિભક્તિ કિંકર ન વિગોઇ.
હરિ છાંડી નઇ અન્ય આરાહિં, ' કોઠી સરખા કાંઠા ખાઇ. ' ૧૫
યમભાણુ નર તીરથ કરઈ, યમભાણુ બહુ તપ આદરઇ;
યમભાણુ વનિ યોગી થાઇ, યમભાણુજ કલેશ કરાય;

પર્યંકિ પુન્યાં હરિ ગુણ લીધુ, 'ગુલિ મરિ તુ ત્વય કાં દીઉ'? ૧૬

શુ રણુ ષેદ તુ જુ ધરિ તિણુ, પાણિ ષેદ તુ જુ કહિ ભણુ,
શ્રવણ ષેદ સાંભલવુ કાંઇ, ચક્ષુ ષેદ કહિ સાહમું જોઇ.
એમજ ભક્તિ હોઈ હરિ વડઇ, 'કાંઈ ન હ્યુ તમ્હે મણુ આકહિ'? ૧૭

પાપ તણુઇ પ્રભાવિં કરી, એ કાયા માયા આવરી,
કિંકરિ કરી મૂકયૂ આપણુ, નાંમ ન જાંણિ જુગપતિ તણુ,
સત્સંગતિ તજી કીધ આઘ, 'ડાકરિ નઇ ઘરિ પિહુ વાઘ'. ૧૮

કલ અહંકાર તણાં સાંચર્યાં, જન્મ કોડિ પાતક પરવર્યાં,
મોહ બાણ મેહ્લિ અતિ ઘણાં, રાખિન શરણ શરણ તસ તણાં;
નારાયણ નામિં શું કીયૂં, ? 'વાઇં વાદલ યમ ઠેલીયૂં' ૧૯
ચંઘ તણુઈ બલિ ચંઘજ રહિ, (તિમ) તાહરી માયા તૂંહજ વહઇ
સેવ કરંતાં સૂધુ કાય, મઝ મન રાખિન તોરે પાઈ,
કહિ મંડણ અહ્મચા નૃપ હોઇ, સ્વામિ વિના કુંણ સાહમું જોઇ?૨૦

ઇતિ ભક્તિ વીશી.

ગૃહસ્થાશ્રમ વીશી.

ગ્રહાશ્રમ ધર્મ એ સાચવિ ખરુ, બીજુ નહીં કો તે ઉદ્ધરુ;
બહુ તિર્યંક યેણુઇ ઊદ્ધર્યા બીજા ભવજલ કોટી તર્યા,
ચ્યારિ પદારથ નહી યે વિના, 'મગ માહલિ મ મવિ ચોરના' ૨૧
કૂડું બોલ્યું ઘટાવી આય, અયુક્તિ અશનઇ અગ્નિ ઉલ્હાઇ,
કાયા કપથ્ય કરી નશિ ઘણા, એ 'શવિ આયુધ મરણ તણાં',
'કાંઈ કુશલ કેતાં પૂછીઇ ? કુહાડે કાપડ કુટીઇ ?' ૨૨
નર શ્રીવંત ન દીધું દાંન, જાંણી યોગ ન ધરૂ જ્ઞાન,
કલવંતી સતીરિ નવિ રહી, સામી ભક્તિ તાં સાચી નહીં.
બાલવ સુત રહ્યું અણુભણ્યું (તે) 'વારુ લિધિ પાડું વણ્યું'.
મોટાં સરસૂં માંડ્યૂં ઝૂઝ, વિરી સરસૂં વિમાશ્યું ગૂઝ,

વિત્ર પાખિ પાણી મૂકીઇ, આલસ વાલી નવિ આપીઇ.
સાહજિ સરજિ આંણું પાપ, 'ઘડતાં વાઘ ઘડયુ કરિ આપ' ૨૪

પ્રીતિં ઘૃત કલા શીખયુ, દક્ષ દેવ કરૂ શરિ નવુ,
લોપી શુરૂ નઇ કૂડુ કીઇ, વાત ત્યજી તનુ અન્ય આપીઇ.
સમઇ થૈ સું કીધુ આપ? આણી ' ઘાલ્યુ સુડિ માહિ સાપ. ' ૨૫

પંચ મહા પાતક યે કહ્યાં, દોષ સવે જાંણી નઇ રહ્યા,
વિષયા પંચ ન વારી સકયુ, તે તુ નર હીંડઇ તિચકયુ.
પ્રાશ્ચિત કો મઇ મોટુ દીઇ ? '(યમ) પાણી પીનઇ ઘર પૂછીઇ'. ૨૬

દ્રોહ કરી નઇ ધન આણીઇ, છદ્રિ બોલિ રાઉલિ જાંણીઇ,
મલિનકા સંગતિ સંતતિ હોઇ, ' પાલા ટલીયા ખર આરોહિ'.
વાણીનૂં મન વંછયૂં માંન, ' સોનઇ શું યે ત્રૂટઇ કાંન ? ' ૨૭
' એક જીદ્ર પીપાશં કહિ, તેહના પિતર ન પાંણી લહઇ,
રાઉલિ ધન જાઇ તે મૂલિ, ' ચાઠ તણિ મુખિ આવઇ ધૂલિ'.
યો ગોવાલ વિના યેમ મરઇ, ' ખાઇ સાપ અંત્યજ અપમરઇ'

કૃપણુ ધન સાંચી નઇ મરઇ, ધૂલિ સરસૂં સાટૂં કરઇ,
દાંન ભોગ નવિ આદર કીધ, જાય સુત મુખિ નીર ન પીધ.
આપઇ કર્મ જારિ કરિ જાઇ, ' ધોબી નીહતઇ ગાધિ ખાઇ ' ૨૯
વરતણુ સારુ વરુ નવિ કરઇ, બલ સારુ બોલી ન વિચરઇ.
ધન સારુ નવિ વિણુજ કરઇ, પુરૂષ સારુ ન મુખિ ઉચરઇ.
વિદ્યા સારૂ વાદ ન કરશિ, ' શેઠિ સવાદિ વધિ વાર શિં ? ૩૦
એક કાંમી પણિ બેઠી જારઇ, બીજા અધિક કરવો ફિરઇ,
ધ્યાન મુક્તિ જાંણિ આપણૂં, તે વિષયા ઉપરિ રહિત ઘણૂ,
દેખાઇ દુઃકૃત ફલ રડવડઇ, ' વારીતુ નર કૂઇ પડઇ '. ૩૧
વલ વાંછઇ દુષ્ટ ભાવ ન જાઇ, વિદ્યા રસ નઇ આલસ કાલ.

સુખ વાંછઈ ઘરિ માંડઈ કલહુ, તીરથ આસ હરિદ્રિ સંપલ્યુ,
મન વાંછઇ ધર્મ નાવઇ હેઈ, 'સાપિં ખાધુ આઉખિ ચાવીઈ'. ૩૨

નાંહનપણઈ વાવરીયા ઘણું, વિષય વિન રહ્યું તરુણાપણું.
ત્રીજી વઈ ઘરભારિ ભમ્યુ, સઘલુ ' જન્મ આલિં નીગમ્યુ,'
કાં નવિ ચેત્યુ જુ ભ્યુ વડુ ? નાહુ સમુદ્રિ આનઇ કોરડું! ૩૩

નામ લેઅંતાં ગરઢુ થયુ, ફલ નવિ દીઠું, થાકી રહ્યુ,
પાપ સમૂહ ન જાતાં દીઠ, ઉલગ ઉપરિ નાવી ત્રીઠ
ભગત તણી ઘણી પૂરઇ આસ, સ્વામી સોવ 'સુ તિમ પંચાસ',૩૪

માતા પિતા મેહ્લી દીકરૂ, પૂજઇ દેવ કરઇ બહુ ભરૂ,
માઈ બાપ મૂઆં ટલવલી જાત્રઇ જલ દીધું અંજલી,
જીવતાં વણુનાહાર નવિ ઠર્યાં, ' ઘર બાલી નઇ તીરથ કર્યાં '. ૩૫

વાહલની સૂદ શશ્રૂષા કરઇ, સ્રી ભત્તોર ભકિત આદરઇ,
ભૂપતિ પ્રજા પાલઇ આપણી, પુત્ર તાત સેવા કરઇ ઘણી,
એહ અર્થ સાચુ એ લીઇ, ' ખાંડની ખલિ નાહિ નઇ પીઇ ', ૩૬

બ્રહ્મબીજ ભણીજાણે પાત્ર, સેવુ ગુરૂ વિણુ કીયા છાત્ર,
માતા મનુ વિભચારિણી, પૂરિત પાપ પિતા શરિ ઘણી.
ક્રોધ મ ખંડુ કામિની કંત, ' ધર્મની ગાઇ ન જોવા દંત '. ૩૭

સ્રી ભત્તોર ભકિત નાદરઇ, એક બોલ ના હૈઅડઇ ધરઇ,
અંતા માન ન મેહલ્યું જાઈ, મરણુ લગઇ સુવાળી રાઇ,
પુરૂષ પિશાચાના ગુણુ સ્તવુ, ખણુવું ગિરિ ઉંદિર સાહિવુ'. ૩૮

બહોતર વર્ણ પૂજઇ દેવ, બ્રાહ્મણુ આવઇ કરવા સેવ,
બેસી કરઈ પવિત્ર પાટલા, તે પ્રતિમા શશ્રૂષા ભલા,
' બાંધી આઢર રૂની આસ, પોતાનુ ખાધુ કપાસ ' ૩૯

બ્રહ્મા ઘરિ બેઠા સરસ્વતી, સેંઘું સ્વામિનિ ઊપજઇ મતી,
મતિ ઉપાઇ બુદ્ધિપ્રકાશ, બુદ્ધ તણુ એ બાગવિલાસ.

જ્ઞાનાતીત ગીત કિમ લહઇ ? ગ્રાંડણુ નાંમ લવારી કહઇ. ૪૦

ઇતિ ગૃહસ્થાશ્રમ વીશી.

માયાવીશા.

જાહરી કર્મ કર્યાં પાતાલિ, તે તાં દીઠાં દશ દિકપાલિ,
દેખઇ પંચ ભૂત આતમા, તે નવિ ઉલખીયા તે છતા.
કિમ નવિ અવિની ઉપચચ લહઇ ? 'વૂઠા વાટ વટેવાહુ કહિ'. ૪૧
કર્મ વિપાક ન જાસિ વહી, ' માથાના ઘા ભૂલૂ સહી, '
' સુએ વરસે નહીં સહિવાસ, ' યમ જોસિ તેતાં તપાસ,
પામશિ સંયમ નીયમ પડયુ, ' ઘણા કાગ કરિ ગોહડ ચડયુ. ' ૪૨
કોઉ કુષ્ટી નઇ રાફા રોગ, પાવા પીડિ ભગંદર યોગ,
કંપવાય બીજા બહુ ઘણા, એ વિપાક કીધા આપણા.
ભોગવતાં કર્મ કાંઇ કણમણઇ ? 'દીઅર સારૂ કો દીકિરા યાણ'? ૪૩
નેત્ર કર્મ સહિ નેત્ર વિકાર, શ્રવણ કર્યું સહિ શ્રવણ દ્વારિ,
અવધિ કાંમિ કાંમિ મૂકીઉ, મદિરા સુખ દુખ દાંતે દીઉ,
' યે કરશિ સહાસ નર તેહ, ' ' વાંકા લાકડ વાંકુ વેહ. ' ૪૪
કાં નવિ દેખુ વરતુ સમુ ? યમ 'ભીખારી ઉદ્ધા યમુ, '
' સાન વિહુણુ સહિજિ મરઇ. ' ' પાણી પાખઇ નર યમ તરઇ '.
' અન્ધ ચડયાં પગ સાહૂમું જોઇ, ' એણિ છરિ ક્ષૌયૂં સહુ' કોઇ. ૪૫
જે કીધાં કૂડાં પાડુઆં, તે રાંધાં જાણુશઇ જન મૂઆં,
તે ભોગવવા શરિ આપણઇ, કઇ છૂટસિ ઉલગિ હરિ તણુંઇ ,
ઘરિ ઘરિ કરતુ હીંડિ મ પૂછ, કહિ 'સાદી મઇં કામ ન કૂછ'.
સદ્ગુર વેણુ મ જાંણુ વાડિ, ' કિ ત્રૂટઇ કિ અડિ નિલાડિ.
શ્રુતિ વાક્ય તણુ કરિ સોર, 'જાગતાં નવિ લીજઇ ચોર?'
' મોલા નઇ કિહાં હુતી ગાઇ ?' 'વિહાંણું છાબલિ ન
ઢાંકયૂં જાઇ. ૪૭

જાંણી આગલિ યમનુ હેલ, યમ ' માખી જડી માંહિ તેલ'.
અંતકાલિ અંતક જવ લીઇ, 'વિણ હથિઆર કિમ ઝૂઝીઈ ?'
ગૂંથિ ન નારાયણનું દોર, 'ગાણી ગાઈ નવિ પઇસઈ ચોર'. ૪૮
પૂર્વ પુરૂષ હૌઆ અસંખિ, મરતાં આવ્યા દેખિ અંખિ.
હવઈ તાહરૂ વારૂ આવીઉ, અણુમંગલિ કાં રીસાવીઉ ?
જુ તાહરિઇં હરિ યમકર ઘરશું, 'ઉકલખ્યાં સાંહાસુ શુક કિશું? ૪૯
કાં ભયં આંણુ ભૂપતિ વૃંદ, કાં ભય આંણુ યમ પ્રચંડ ?
કાં ભય આંણુ ગર્ભ વેદના, કાં ભય આંણુ આમઇ જના ?
ટાલિન અંતર મલનિ વાસ, 'વાઢયૂં ગલૂં નઇ ફીટુ સાસ' ૫૦
કબધી મન નવિ રાખ્યાં સાધિ, મૂઆં યમ જીવતાં સ વ્યાધિ.
બાહરિ લોક વિગોઇ ઘણું, ઘરિ દુઃખ પીડઇ દરિદ્રહ તણું.
'ચોર વાહર બલ દેખ્યાં દીઉં, એ પાડા બિહુ પરિ આવીઉં'. ૫૧
જે તઈં સ્મૃતિ ન કીધુ ભેદ, તીરથિ તથા દાંન કરિ છેદ.
જાંણેશિ જાં તુ યમકરિ ચડી, 'ગૂજરાત શેરી સાંકડી'.
વિસન વધારી તઇ ' વિષ વલી, ' ' કુહી બાંહ સવાદી ભલી'. ૫૨
સાધૂ ધનાઢ્યં સાંભલી પુરાંણ, કૂચર મુખ માત આવ્યૂં માંણ,
નામ માત્ર મુખિ રહી ? રાખિ, કર્મ કરંતાં કીધુ સાખિ,
પર ઘરિ પય મ નાવી જોઇ, ' બાબા ડાવી કહિ નવિ કોઇ'. ૫૩

જાઇ કાલ સુયુવતી સંગિ, કે જાઇ પર વાત પ્રસંગિ,
નિદ્રા વશિથાં જાઇ અર્ધ, જાઇ બાલ સુવા નઇ વૃદ્ધ.
જેતુ કાલ ગમ્યુ હરિ લાહિ, એહૂ ' ઉંદલ ઊણા માહિ'. ૫૪
કર્મ તણિ વશિ લિ અવતાર, કર્મ તણઇ વશિ યમનુ ભાર,
કર્મ વશિ દુઃખ સુખ ભોગવિ, સુર અસુર કર્મવસિ સવઈ
કાંઈ ન તૂં હાર શરણઈ જાઇ ? 'ઊટિ ચડયાં કૂતરુ ન ખાઇ' ? ૫૫
સત્વ રજ તમ એ તનુ બંધ ' આવી અગડ ઉલણુ સંધિ.'
બે હય હારિ તે શુધિ ધરઈ, 'કોવિદ કેડિ ન હુડી કરઇ.'
સ્વમોવરૂ સાત્વિક સમવાઈ, આવી ' કોઇલિ મારી વાય '. ૫૬

રક્તવિકાર શમઇ વારુણી, ગ્રંથિ વિકાર દેવ પશુ હણી;
વાઇ વિકાર શમઇ ગુરૂ ગિલ, જર્ણ વ્યાઘ્ર ગોમાયસ તેલ.
જીવી કરવા નઇ બહુ આસ, ' કોઇ ન જીવિ ત્રણિ પંચાસ '. ૫૭
એક કલપના નહતી વારિ, દેવકન્યા ધરિ ખેલવિ નારિ.
અંતઃકરણ રાખુ હરિનામ, બિઠાં તાંણી આંણુ સ્વાંમિ.
નિજ સંસાર ભથેડેઇ કીઇ, ' વિટ ભાંગુ છેછક છાંડીઇ !' ૫૮
એકજ અંતર મન ચોખાલિ, પંચાગ્નિ મન દેહ પ્રજાલિ,
ઉંધિ મુખિ લોડાવિ મ કાઇ, ધુમ્રપાંન મન રોધશિ વાઇ
નાંખી સ્યણુ નેયણિ નિરખીઇ, એ 'યમ ડસકે ન પ્રીણીઇ.' ૫૯
બ્રહ્માંડ કોટાકોટી ગાંમ, એક સર્વથા વિષ્ણુ વિશ્રાંમ.
યમ નદી સહુ સાગાર ભિલઇ, તિમ પ્રાંણી હરિશું મિલઈ.
કહિ મંડણ વિશ્વંભર દેવ, ટાલિ ન તૂં ' ઊધારિ નિખેવ.' ૫૯

ઇતિ માયાવીસી

દાનવીશી.

સૂખું નવિ દીધૂં સાંબલૂ, 'ભાવ વિહુણું દત્ત દૂબલૂ,
કોદિરિ શલિ સાલિ નહીં હોઈ, ' વાગ્યા વાલ સાલી નવી હોઇ.'
'જુ રૂઉ રૂડુ આપણુ, દોસ કિશુ સુતવાંચ્છિક તણુ ' ? ૬૧
દીધૂં દાન કરી ભયભીત, દીધૂં દાન સેવાનિં ચીંતિ;
દીધૂં દાન તે લાજઈ કરી, દીધૂં દાન લોભ આવરી;
ભાવ મેઘ વિણુ વૂઠી તોઇ, ' હારે ઘડા ભર્યો મ ન જોઇ. ' ૬૨
એકે દાંન નચાચર અહઇ, એકે દાંન પિશાચી લહઇ,
એકે દાંન પશુ થૈ ખાઈ, એકે દાનં તે આલિ જાઇ.
વેદ વિના યે વિધિ આદરઇ, 'આંબલુ વણુઇ નઇ કોરડુ વિણુઈ '૬૩
દિ દિ દેવ ન નિરખઇ ભાલ, ' વાવી વાલ નઇ વાંછઇ સાલિ,

‘ માગિ મેર દાન એક જવ, થોડું શીખિ નઇ મૂં દાવ’.
કરિ મૂકી કયાત્રહ તણુંઈ, ‘ કહુ લૂકડી વાઘ કિમ જિણુંઈ ! ’ ૬૪
જો તોરઇ હત મૂલ ન હોઇ, તુ તૃષ્ણા મ ન આપ વિગોઇ.
(જુ) ‘ દીધૂં હોસિ કેણિ કાલિ, તુ આવી ફલશિ અગાલિ. ’
જુ ‘ જલ કૂંઇ હોશિ ઘણૂં, તુ આવશિ અવાહિ’ આફણું. ૬૫
દીધા વિણુ નવિ કાંઇ જડઇ, ‘ કુઠ નહીં ચે વાઇ પડઇ.’
‘ ભાઇની ભાવિજ માંનીઇ, જુ પોતાનૂં થાલ ન લીઇ. ’
દીધૂં કાલિં પામશિ સોઇ, ‘ રાંધીતાં નર કાંઇ રોઇ ? ’ ૬૬
ઉત્તમ મધ્યમ ધરીયા દેહ, અધિક ન ઉછા સ્વામી ગેહ.
‘ ભૂપતિ આપઇ આપૂં ગામ, ભાવિં રાંક હિ બિસણુ ઠાંમ;’
હીનપણૂં આંણી કાં રડુ ? ‘ લાડુ લઘુ નઇ કેશવ વડુ. ’ ૬૭
થોડા ભણી મ દેતુ રહિ, એક ગાઇ લક્ષ જામલિ લહિ.
જોઇ પ્રમાંણુ કારશી તણૂં,‘ મણની તોલ કરઇ સિંગણૂં ’.
નૂંનાધિક લેખૂં મ ગિણુ, કહઈ ઇમ ‘ ઘર સારૂ પરૂહણુ” ૬૮
દાંન કોડિ ગાં નૃપ નકિવાસ, એકઇ ગાઈ છોડવ્યુ પાશ.
છત્રધાર છત્રછાહ્યા ઘણી, થોડઇ સતે માંનિ તે ઘણી.
જી દીજિ દોહિલૂં આપણું, તે જન જાણુ ‘ થોડઇ ઘણું’’ ૬૯
દાંન તણુ વિધિ લક્ષ્મી હાથિ, જ્યુ પ્રતિબોધ તે વિદ્યા સાથિ,
‘ આવુ બિસુ પાણી પીઉ, એ માહિં કુણ ગ્રથિં લીઉ ? ’
જુ એ ‘ આંબા રાઉલા હોઇ, વારઈ કુણ ગચરકાં સોઇ ? ’ ૭૦
ઉદ્વેગ માણિ નર દૂબલા, નિરતિ નિહાલે છિ જમલા,
તેજવંત તપદાનિં કરી વિલસંતાં વિધિ પૂજા હરી.
તે મોટાં સાંહ્યુ કાં જોઇ ? ‘ રાંડી કાંઈ તે પાધરિ સૂઈ’ ? ૭૧
રાણકા બઇઠાં થાકુ કાઈ, ભારવંહા તસ ચાંપઈ પાઇ,
કણુ નીપાઇ ફૂકસ ભોગ, સારા સૂર તણા ઘરચોગ.
‘આપુ ખણુઈ અહિ કારણિ’ ગેહિ, ‘તડિ ગાલિ તડિ બૂસટ’ તેહ.૭૨

બ્રાહ્મણુ કરિ મૂહુર્ત્તુ વાંતરૂ ગ્રહ સઘલા અહ્મ પીડાહરૂ,
આધિ કણુ ફેરવીઉ સેર, જાઉ ધરતાં આમઇ મેર.
પાઠી હોડ ડુઢીઆ તણી, 'રૂડુ પડિ ડલોક ભણી'. ૭૩

રસના રામ વિના મોકલી, અક્ષુ ચતુર્ભુંજ વિણુ બહુ ચલી,
પગ પીતાંબર વિણુ બહુ પલ્યા, કર કેશવ વિણુ વિધિ વલ્યા,
ફુલીધા મશિ કાયા ખઇ, 'જાં જીવઇ તાં સીવઇ સઇ.' ૭૪

દેઇ દાંન મ કરિ ઉરતા, પ્રસવ કાલિ શું પોતિ હતા?
કો લેઇ જાતુ દેખઈ થરઇ, રાજાભોજ તલાહાર કરઇ;
એ ઉપકારિઇ માન વિલાઇ, 'ઠાલુ આવ્યુ નઇ ભૂલુ જાઈ' ૭૫

ચોર તણું મંદિર સુર દાખિ, આયં કોઇ અંતિ પીડયુ ભાખિ.
'રાજહંસ મણિ મોતી ચિણઇ,' વિષ્ટાઃ વિસન તે વાયસ તણઈ'
'કો વારૂ દાખુ વાગરી, ? યથા દેવ તિશી પાતરી'. ૭૬

કિમ કરૂણા આવઇ આમથી, ચોર ન હાંનિ પરયાદથી.
કિમ ફૂડઇ કરમાઇ મદી, 'ખાંટ અમૂલ અભાવ ન નદી.
પુત્ર કપાસી સોના તણુઈ, 'પલ અધ પુલનાં લેખાં ગિણઈ' ૭૭

'રાહુ સુર શશિ વિગ્રહ રાઈ, વિગ્રહિ રાઈ પ્રજા ક્ષય જાઇ',
વાતપિત્ત કોપિ તનુ કાલ, 'દંપતી વાદિં શીખિ બાલ,'
મન મોહિ ફલ ઇંદ્રી લહઈ. 'પાડા વઢિ ઝાડ ક્ષય કહિ' ૭૮

નિગમ નિરંતર રહીયા નાંમિ, સમ્યક સ્વસ્ત્ય ન જાંણઈ સ્વામિ,
સ્તુતિ સારદા નિરંતર કરઈ, સ્વામી સ્વરૂપ ન બોલી શરઈ,
થોડી બુદ્ધિ લીધૂં હરિ નાંમ, 'ગાલ માંહિથા કાઢયા કાંન.' ૭૯

ચે શ્રુત વાંણી તોરી લીધ, 'સૂરય આગલિ દીવુ કીધ;'
યમ રત્નાગુર માહિ મુંકીઉં, નામ માત્ર મણિ એકજ લીઉ,
કહિ મંડણુ જુ આદુ જાંણુ, 'મા આગલિ મુહુસાલ વિખાંણુ.' ૮૦

ઇતિ દાંન બીસી.

પાખંડ વીશી.

પાખંડી ગુરૂ માથઇ કર્યા, વામી વેદ ઉવટિ સાંચર્યા.
ધર્મ તણી હાંણિ નવિ સહું, ઉપરિ આલિ ધન વાવયું.
મિથ્યાલાપિ હોઆ સંયમી, 'બઇસિ કેડિ પાડી નીગમી.' ૮૧
પાખંડી પૂજા આદરી, બઇઠા મૂરતિ પાખલિ ફિરી,
કહિ કુલયુગનુ જોઉ પાર, એહવા ભકત ગુરુ તેહવાઈ.
'નાર સતી પુરૂષ જિમ સતુ, માધિ ગૂણિ કલશીનુ ચિતુ.' ૮૨
બહુ પાખંડિમતીના લોક, સર્વ વિખાણિ શરિ બહુ ફેક,
'લોઠઇ ભડયા કોઇ નવિ કલઈ, ચડિ ગાધિ સહુ જોવા મિલઇ,'
'જુ બઇઠા નવિ નિરખઇ કોઇ, તુ ઉભાં દીઠઇ શૂં હોઇ?' ૮૩
'મીચઈ આંખિ ન મીચઈ હૈઆ, ન ચલઈ કાછ ચાલઇ પોતીઆં,'
'લાઈ ભૂતી વિભૂતી ન લઈ, તન સાંકલી નઇ મન સાંકલઈ.'
'દાંમી ઊંટ સહિ નવિ કોઈ, એ ગાહાહિ કામંતાં જોઈ.' ૮૪
'અંગિ રાખ મનઈ રાખડી, બાહરિ બાંગ માંહિ બાંગડી.'
'ભાલિ ચંદન મન આહિ ચંદલી, માહિ વન અંતરિ વની,'
'એ ગુડીઆ સંચારા દોર, અણદેખણીતે રાજા ચોર.' ૮૫
ટીલાં કાઢઈ મ ટોકર થાઈ, મૂઢ બિરિદા મંડન કાઈ.
હોઠ હલાવિ જપ જાણિવું, પૂજા ધાટ મ સિલહલવૂ,
એ વિધિ જાણુ ડંભક તણી, 'આ ચોરી (નઇ) ગુલ આપણુ.' ૮૬
વૈષ્ણવ ધર્મ લોક નઇ કહઈ, કરણી ચંડાલી મધ્ય ગ્રહઇ,
'ચહિ તુ ટાલિ બિ શીસ ન હોઈ, મહિષી ઊંટ ન ભારઇ કોઈ,'
કિમ હોચિ નામિ નિર્મલાં? 'કાલિ ઊખલિ બિ મૂસલાં.' ૮૭
જુ યોગી તુ કાંઈ ક્રોધ? આતમ સુખ તુ કાંઈ નિરોધ?
સન્યાસી તુ કાંઈ અસંતોષ? જુ તપ તુ શું કારણ લોક?
જા વિદ્યા તુ કાં કુડું કવઈ, 'માથા માનિં શીસક શવઇ. ૮૮

વૈષ્ણવ કાહાવિ વશિ નવિ એક, બહુ ક્રિયા વિણ બ્રાહ્મણ વેષ.
જ્ઞાંન હીન જ્ઞાંની માંહિ ભલઈ એક પ્રશ્ન પૂછી નીકલઇ.'

ઇંદ્રિ સાધિ નહી કહિ સધ ' 'કૂડઈ લોહડઈ કટક જુ ખધ.' ૮૯
યોગ ન જાંણઇ યોગી કહઇ, 'ખમણુ તુ જુ ખમ નર હુઇ'
ઇંદ્રિ વશિ તુ વૈષ્ણવ નાંમ 'પાખંડી પંડિત પરણાંમ'
કૂડા બોલ ન આવિ વરઈ, ' 'વિણ પાંણી મોજાં ઉતરઈ '
રોલી શાખ લાખ સિદ્ધ થાઇ 'હોઆ સાધ વ્યાધ ઘરિ ખાઇ'. ૯૦

ધૂતારી નઇં ધન ભોગવઇ, વાંછઈ યશ કિમ રૂડુ ચવઇ' ?
યમ સ્વપનિ ભીનુ પ્રાસંગ, ' દેખી ઉનયા ફોડયુ કુંભ. ' ૯૧
યોગી વિપ્ર વૈષ્ણવ યન યતી, ' રૂપિં રૂડા ન લહિ મતી. '
કે કે માંહિ પાખંડી કરઇ, નવિ નિર્મલ ઉપરિ મન ઠરઈ.
જુ જાવા લહિ જાત વિચાર, તુ ' લુંડી જાઈ કેદારિ. ' ૯૨

આસન નિદ્રા ડોલઈ શીસ, પુહુ કહિતાં આવઇ રીસ.
જવ હેતુ બઈસી તપ કરઈ, દેતાં દાંન ક્રોધ મનિ ધરઈ.
નિર્ગુણ નીસત નહી નિટોલ, ' નાહ્ને મુહે મોટા બોલ. ' ૯૩

રૂઠ પડયાં નર ક્ષણ સાંભલઇ, ' પાપ કરંતુ નવિ પાછુ વલઇ, '
શીખ શ્રવે ઘરિ ગ્યાં વીસરી, ' પોથાં થોથાં નાંખ્યાં કરી. '
વ્યાસ વચનિ મન નુહિ થીર, ' ઉંટ ઘટિ યમ નાંખ્યું નીર '. ૯૪
ધરિ ધરિ પોથ્યાનાં ઢિગ ચડયા, મુહુત મુખાધિ વેદ આવડયા.
એક બોલઇ એક નર સાંભલઇ, એક ' સોલ પોલિ નવિ ગણઇ,
દેખાડિ મોટા આચાર, ' સાજી નવિ રાંધિ કુંભાર '. ૯૫

ધંધુ ધર્મ પાપ પાધરૂં, મોહિ મંનીખિઠા ખરૂં,
શ્રવકહિ શીખ દેઅંતાં હોઇ, બૂડંતા આપિં નવિ જોઇ.
' સાપ ડશુ કિમ ઉખધ કરઇ, ' 'સાંઢ મરઇ સમ ખાતુ' શરઈ ૯૬
આહિ મઈલા નઈ કરિ સનાંન, પરદ્રોહી નઇં આપિ દાંન,

'મુહિ મીઠા અંતરિ ગુણ જૂઆ, માહિ મોટા વિષના લાડૂઆ.
ઈમ કરતાં કિમ જાશુ પારિ ? 'મીંની જઈઆવી કેદારિ !' ૯૭
ઘરનાં પાતક તીરથિ જાઈ; તીરથનાં કોટી ગણ થાઈ.'
પાપ અણાંણિ લઘુ લેખવુ, જાંણિં મેર સમાનિ સોગવુ,
વિણ વિશ્વાધાર વાહાર કુંણ ધાઈ? 'દીહઈ ચડયૂં ચુહુડું લૂસાઈ'૯૮
એક કહિશિં નિંદા કરઈ, 'મોદક મંદાગ્નિ નવિ જરઈ.'
રહિ 'જંવાસુ જલિ સૂકાઇ,' 'ગણિકા પુત્ર ન તાત સુહાઈ.
'સવી ઘૃત યામિં નવિ સહઇ,' 'લૂંડી પેટિ ક્ષીર નવિ રહિ. ૯૯
મંડણ કવિતા નાંમી ગણઈ, 'માથિ મણિ કાકીંડા તણઈ,'
કૂડી કાયા હરિ ગુણ સીધ, 'કુડી વડઇ હાથીઉ લીધ,'
ઉખાણે હરિ લાગૂં મન્ન, યમ 'ઉકરડા માહિ રતન. ૧૦૦

ઇતિ પાખંડ વીશી.

હાસ્ય વીશી.

'પાપમતી નઈ મદિરા પીધ, વઢકણી વહુ નઈ પ્રીય પક્ષ કીધ.'
હદય સૂનું ભાંગિ વાવરઈ,' વ્યાધિં પીડયુ દુઃકૃત કરઈ.
'કમાર્ગી નઈ કસંગતિ જડી, 'યમ કારેલી લીંબડિ ચડી'. ૧૦૧
થોડી વિદ્યા થયુ ઠીકરૂં, ધન થોડું ધનવંત થયુ સરૂં,
'ઉણુ ઘડુ ગાજિ તે ઘણું,' 'પૂર પાંણી ગ્રહઈ આપણું',
ગર્વઈ 'સર્વ સુવર્ણ મઈ હોઈ,' 'કીડી ચડી કાટલાઈ જોઈ. ૧૦૨
પરણી નારિ તજી વનિ ગયુ, આલસ અંગિ તપસી થયુ,
કાંમ બાંણ ન સકયુ જાલવી, રડવડતી સ્ત્રી આંણી નવી,
'શ્વાન ભસાવઈ હીંડઈ' ચકયુ, 'બાહરિ નગ્યુ ઘર ન રાખી સકયુ'૧૦૩
કાયસ પીઅઇ ધર્યું ઉનમાદ, કરિ આપણિ 'ઉતાર્યું નાદ.'
પરણી ઉપરિ આંણી નારિ, કલહુ ઉપનુ ન સકયુ વારિ.
વીધૂ 'ચોર ચિઠી મુખિ' શરઇ, આપુ પાણુ કુહુ કિમ કરઈ ? ૧૦૪